ઉન્નતિ
# વિચાર
વર્ષ ૧૦ અંક ૨ એપ્રિલ-જુન, ૨૦૦૫

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
રોજગાર બાંયધરી દ્વારા કામનો અધિકાર

**મંતવ્ય** ૧૦
રોજગારી બાંયધરી ખરેખર કારગત નીવડશે?

**આપના માટે** ૧૩
વિકલાંગ મહિલાઓ વિશે બે અભ્યાસો

**આપણી વાત**
મહિલાઓનાં અપમૃત્યુમાં ઘટાડોઃ ‘અવાજ’ના પ્રયાસોની સફળતા ૧૫

પથ્થરના ખાણકામ સામેના ગ્રામજનોના આંદોલનની જીત ૧૭

**સાંપ્રત પ્રવાહ** ૨૦

**સંદર્ભ સાહિત્ય** ૨૪

**અમારા વિશે** ૨૬

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર ‘ઉન્નતિ’ વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## રોજગાર બાંયધરીઃ સાકાર કરી શકાય તેવું સપનું

કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાનો મુસદ્દો ઘડીને દેશના ગ્રામ વિસ્તારોમાં રોજગાર સર્જન દ્વારા ગરીબી દૂર કરવાનો મનસૂબો રાખ્યો છે. દેશમાં પહેલી જ વાર કાનૂની રીતે રોજગારની બાંયધરી ઊભી કરીને કામના હકને કાનૂની દરજ્જો આપવાનો પ્રશંસનીય પ્રયાસ આ રીતે થઈ રહ્યો છે. ગરીબીનું એક કારણ ગરીબોને લાભદાયી રોજગારી ન મળતી હોવાનું પણ છે. તેથી રોજગારી આપીને તેમને ગરીબીની રેખાથી ઉપર લાવવા માટેનો પ્રયત્ન થાય એ જરૂરી છે. રોજગાર સર્જન માટેના અનેક કાર્યક્રમો કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારોએ અગાઉ ચલાવ્યા છે અને તેમાં કરોડો રૂપિયા ખર્ચાયા છતાં તે આંશિકપણે જ લાભદાયી રહ્યા છે. આથી એ કાર્યક્રમોની ક્ષતિઓ નવા ધારા હેઠળ ચાલનારા રોજગાર સર્જનના કાર્યક્રમમાં ન રહે તેવી અપેક્ષાઓ સ્વાભાવિક રીતે જ ઊભી થાય છે. સૂચિત ધારાની ઘણી જોગવાઈઓ આ અપેક્ષાઓને સંતોષે છે પણ ખરી, પરંતુ કેટલીક જોગવાઈઓ અને તેમના અમલના બાબતમાં શંકાઓ ઊભી થયા વિના રહેતી નથી. ધારાની જોગવાઈઓ વિશે લોકો માહિતગાર થાય અને અમલ માટે સજાગ બને તો પણ ગ્રામ વિસ્તારોમાં ગરીબી દૂર કરવાની દિશામાં મહત્ત્વનું કદમ ઊઠશે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો સૂચિત ધારાને એક બીજો કાર્યક્રમ કે બીજી યોજના ન સમજે અને તેના અમલ માટે જરૂરી સંસાધનો ફાળવે અને નિષ્ઠા બતાવે એ જેટલું જરૂરી છે, એટલી જ આવશ્યક બાબત એ છે કે બિન-સરકારી સંગઠનો રોજગારના અધિકારને વાસ્તવિક રીતે પ્રસ્થાપિત કરવા માટે તેમાં લોકોને સામેલ કરવાની અને સમગ્ર કાર્યક્રમ પર દેખરેખ રાખવાની વ્યવસ્થા ઊભી કરે. વળી, પંચાયતો રોજગારના અધિકારને વાસ્તવમાં અમલી બનાવવા માટે મજબૂત બને એ માટેના પ્રયાસો બિન-સરકારી સંગઠનોએ સઘન બનાવવા પડશે. સહભાગિતા તથા પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભાં થશે તો લોકશાહી પણ મજબૂત થશે અને ગરીબી પણ દૂર થશે. જો કે, આ કામ ધારી લેવામાં આવે છે એટલું આસાન નથી. ભારતીય સમાજનાં સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય અને વહીવટી માળખાં કાર્યક્રમના સફળ અમલ આડે અનેક અવરોધો ઊભા કરશે જ. આ અવરોધોને એ તમામ સ્તરે દૂર કરવાનું અનિવાર્ય બનશે.

‘કામ ને બદલે અનાજ’નો રાષ્ટ્રીય કાર્યક્રમ નવેમ્બર-૨૦૦૪માં શરૂ કરાયો. દેશના સૌથી ગરીબ ૧૫૦ જિલ્લામાં ચાલતા આ કાર્યક્રમનો અનુભવ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારા હેઠળ ચાલનારા રોજગાર સર્જનના કાર્યક્રમ માટેનો આધાર બને તેવી દૃષ્ટિથી આ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. પરંતુ આ પ્રયોગના પ્રાથમિક અભ્યાસનાં તારણો એમ દર્શાવે છે કે આ સમગ્ર કાર્યક્રમ પાછળ ખર્ચાતાં નાણાં મોટે ભાગે ગરીબો સુધી પહોંચતાં જ નથી. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢના છ જિલ્લાઓનો આ અભ્યાસ એમ જણાવે છે કે મોટે ભાગે રોજગારી મેળવનારાને લઘુતમ વેતન અપાતું નથી, પૂરતી રોજગારી અપાતી નથી અને કાર્યક્રમના દસ્તાવેજો ખોટા રાખીને વગદાર લોકો લૂંટ ચલાવે છે. પણ આ અભ્યાસ એમ પણ દર્શાવે છે કે રાજસ્થાનમાં આ કાર્યક્રમ મહદંશે સફળ રહ્યો છે. એનું કારણ એ છે કે આ કાર્યક્રમના અમલમાં પારદર્શિતા રાખવાની અને ઉત્તરદાયિત્વ નિભાવવાની અને ઊભું કરવાની જે જોગવાઈઓ કરવામાં આવી છે તેમનો અમલ રાજસ્થાનમાં સારી રીતે થયો છે. તેનો અર્થ એ છે કે કાર્યક્રમ સારી રીતે ચાલી શકે છે અને ઈચ્છિત પરિણામો મેળવી પણ શકાય છે. એને માટે રાજકીય ઈચ્છાશક્તિ જોઈએ. તેથી આ કાર્યક્રમના અમલ ઉપર દેખરેખ રાખવાની નાગરિક જવાબદારી ઊભી થશે તો તેની સફળતાની સંભાવનાઓ ચોક્કસ વધશે.

# રોજગાર બાંયધરી દ્વારા કામનો અધિકાર

ભારત સરકાર દ્વારા રોજગાર બાંયધરી ધારો લાવવાની વિચારણા ચાલી રહી છે. આ ધારો હકીકતે તો કામનો અધિકાર ઊભો કરશે. આ ધારાના અમલને અસરકારક બનાવવા માટે શું કરવું જોઈએ તેની વિચારણા માટે જયપુર ખાતે એક વિમર્શ સભાનું આયોજન બિન-સરકારી સંગઠનો માટે કરવામાં આવ્યું હતું. આ સભામાં જે ચર્ચા થઈ તેને આધારે જયપુરની 'ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેવલપમેન્ટ સ્ટડીઝ'નાં **શ્રી પ્રદીપ ભાર્ગવ, સુશ્રી ચંદ્રિકા ગુપ્તા** અને **સુશ્રી સારથિ આચાર્ય** દ્વારા લખાયેલી આ વિસ્તૃત નોંધ છે.

## પ્રસ્તાવના

ઊંચા વૃદ્ધિ દર, વિસ્તરી રહેલાં બજારો, વિદેશી હૂંડિયામણની અનામતોની સાનુકૂળ સ્થિતિ અને અનાજનો પૂરતો જથ્થો વગેરે જેવી હાલની સ્થિતિમાં ભારતીય અર્થતંત્રની ભાવિ તકો વિશે ઉલ્લાસમય વાતાવરણ પ્રવર્તે છે. પરંતુ છેલ્લા બે દાયકા દરમ્યાન થયેલી વૃદ્ધિથી કોને લાભ થયો છે? જેઓ ગ્રામ વિસ્તારોમાં રહે છે અને અંતરિયાળ વિસ્તારોમાં જીવે છે તેમને લાભ થયો જ હોય એવું જરૂરી નથી. તેમની અસ્તિત્વની લડાઈ હજુ પણ ગંભીર છે. ગરીબીની વ્યાખ્યા કેવી રીતે બાંધવામાં આવે છે તે જરૂરી નથી. લગભગ ૨૦ કરોડ લોકો તો ગરીબ છે જ. સ્પષ્ટ છે કે આર્થિક વૃદ્ધિની પ્રક્રિયાએ મોટાં શહેરોની બહાર રોજગારી ઊભી કરવાની ક્ષમતા ખૂબ જ ઓછી દર્શાવી છે. એનું કારણ જ એ આર્થિક વૃદ્ધિનું સ્થાન અને તેની રચના છે. તેથી વધુ રોજગારી ઊભી કરે તેવી આર્થિક વૃદ્ધિ ઊભી કરવાની આવશ્યકતા છે.

ભારતમાં આર્થિક વૃદ્ધિ ગરીબોને ખૂબ જ ધીમી ગતિએ લાભ આપે છે એ હકીકત ૧૯૭૦ના દાયકાથી પિછાણવામાં આવી છે. તે પછી ગરીબી નિવારણના અને રોજગાર સર્જનના અનેક કાર્યક્રમો અમલમાં આવ્યા છે. પરંતુ તેમની એકંદર અસર કેટલી થઈ એ વિશે શંકાઓ પ્રવર્તે છે. રોજગાર સર્જનના કાર્યક્રમો દ્વારા કામ શોધનારી વ્યક્તિને વર્ષમાં એક કે બે સપ્તાહથી વધારે દિવસો માટે કામ મળી શક્યું નથી. તેનાથી અર્ધ-બેકારીનું પ્રમાણ ઘટે છે પણ તેનાથી ખરેખર ગરીબી દૂર થતી નથી. વળી, આવા કાર્યક્રમોમાં જે રોજગારી પૂરી પાડવામાં આવે છે તે કામદારોના ગૌરવપૂર્ણ કામના અધિકાર તરીકે પૂરી પાડવામાં આવતી નથી, પણ સત્તાવાળાઓ તે મહેરબાનીની રાહે પૂરી પાડે છે. તેથી એ મહત્ત્વનું છે કે કામનો અધિકાર હોય એટલે કે કામનો અધિકાર મુખ્ય બાબત બનવી જોઈએ. આવો અધિકાર લોકોના માત્ર સામાજિક-આર્થિક કલ્યાણ માટે જ મહત્ત્વનો છે એવું નથી, પણ તે વંચિતો અને અવાજવિહીન લોકો માટે રાજકીય અવકાશ પણ ઊભો કરે છે.

રોજગાર સર્જનમાં રોકાણથી ગ્રામ વિસ્તારોમાં ટકાઉ અસ્કામતો ઊભી થઈ શકે છે. તેની માલિકી પછી સ્થાનિક લોકો પાસે હોઈ શકે છે. તેમનો ઉપયોગ તેઓ પોતે પોતાના લાભ માટે કરી શકે છે. આ અસ્કામતો વિકાસની કોઈ પણ પ્રક્રિયાને ચિરંતનતા બક્ષે છે અને આર્થિક વૃદ્ધિની પુનર્વહેંચણી ઊભી કરે છે. આવી પ્રક્રિયાને વ્યવહારમાં મૂકવા માટે કામદાર સમુદાયથી નજીક હોય એવી સંસ્થાઓની જરૂર હોય છે. ત્યાં નિર્ણય પ્રક્રિયામાં તેમની સીધી સામેલગીરીની શક્યતાઓ વધી જાય છે. મજબૂત અને સારી રીતે કામ કરતી પંચાયતો આવો સંસ્થાકીય પાયો પૂરો પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

લાખો લોકો માટે રોજગાર ઊભો કરવા માટે રાષ્ટ્રીય સ્તરે મોટી દરમ્યાનગીરીની જરૂર પડે છે. કામદારોનાં સંગઠનો વર્ષોથી રાષ્ટ્રીય સ્તરે રોજગાર બાંયધરી ધારાની માગણી કરતાં રહ્યાં છે. યુપીએ સરકારના 'સમાન લઘુતમ કાર્યક્રમ' (સીએમપી)એ ગ્રામીણ અને શહેરી ગરીબોને ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવાનું વચન આપ્યું છે. આ ધારો કંઈ સંપૂર્ણપણે નવો નથી. મહારાષ્ટ્રમાં ૧૯૭૭થી ગ્રામીણ રોજગાર બાંયધરી કાર્યક્રમ ચાલે છે અને દેશમાં રોજગાર સર્જન માટેની એવી ઘણી યોજનાઓ છેલ્લા બે દાયકાથી ચાલે છે. પરંતુ સરકારની સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના કે તેના જેવી જ બીજી યોજનાઓ જેવા વર્તમાન ગ્રામીણ રોજગાર કાર્યક્રમો કરતાં રોજગાર બાંયધરી કેવી રીતે જુદી હશે? વહીવટ માટે તેના સૂચિતાર્થો કેવા હશે? તે નાણાકીય રીતે ટકાઉ હશે કે કેમ? આ બધા પ્રશ્નો મહત્ત્વના છે અને છેલ્લા ઘણા સમયથી તેને વિશે ચર્ચાઓ ચાલે છે.

જયપુરની 'ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેવલપમેન્ટ સ્ટડીઝ' દ્વારા ૨૨-૨૩ નવેમ્બર-૨૦૦૪ દરમ્યાન રોજગાર બાંયધરી ધારા વિશે એક રાષ્ટ્રીય વિમર્શ સભા ગોઠવવામાં આવી હતી. રોજગારીની બાંયધરીને જાહેર ચર્ચાનો મુદ્દો બનાવવા માટેનો તેનો ઉદ્દેશ હતો. વિદ્વદ્જનો, સામાજિક કર્મશીલો અને નીતિ નિર્ધારકોએ ધારાના મુસદ્દા વિશે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં, તેમાં રહેલી ખામીઓ અને જરૂરી ફેરફારો વિશે તેમાં ચર્ચા થઈ હતી.

## કાર્યક્રમ અને કાનૂન વચ્ચેનો તફાવત

કાયદો રોજગારીની કાનૂની બાંયધરી આપે છે અને રાજ્ય ફરજનું પાલન કરે તે કાયદાકીય રીતે અનિવાર્ય બનાવે છે. તે એ રીતે રાજ્યના પક્ષે ઉત્તરદાયિત્વ ઊભું કરે છે અને તે કામદારોને સોદાશક્તિ પણ પૂરી પાડે છે. વળી, યોજનાઓનો જીવનકાળ ટૂંકો હોય છે જ્યારે કાયદો તો લાંબા સમય સુધી ટકી રહે છે. સમય જતાં કામદારો પોતાના અધિકારનું રક્ષણ કરતાં શીખી જાય છે. કાયદો સમતા અને સાર્વત્રિક આવરણ પૂરાં પાડે છે. તેમાં પસંદગીના માપદંડો આડેધડ નક્કી થતા નથી અને લક્ષ્યાંકો પણ નક્કી થતા નથી. તેમાં મર્યાદિત તકો માટે હરીફાઈ થતી નથી અને બાંયધરીવાળી રોજગારી પૂરી પડાય છે. વળી, તેમાં પૂર્વસૂચનીયતા હોય છે. એટલે કે કામદારોને મંદીના સમયે પણ રોજગારી પૂરી પડાય છે. ગરીબી અને ભૂખમરો દૂર કરવામાં, ગામડાં તરફથી શહેરોમાં થતું સ્થળાંતર રોકવામાં, મહિલાઓને સક્ષમ બનાવવામાં, ઉપયોગી ઉત્પાદક અસ્કામતો ઊભી કરવામાં અને ગ્રામીણ સમાજમાં ગરીબોને સક્ષમ બનાવવામાં કાયદો ખૂબ કામ આપી શકે છે. આ બધું જ પછી સમતાપૂર્ણ સામાજિક વ્યવસ્થા તરફ દોરી જાય. દેશના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં ગ્રામીણ મજૂરોની ચળવળમાં આ કાનૂન નવો પ્રાણ પૂરી શકે છે.

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયધરી ધારાનો મુસદ્દો

આ ધારાના મુસદ્દાની મુખ્ય જોગવાઈ એ છે કે તે આકસ્મિક શારીરિક મજૂરી કરવા માગતા ગ્રામીણ વિસ્તારોના તમામ પુખ્ત વયનાઓને રોજગારીની બાંયધરી આપે છે. ઉપરાંત, તે વધુમાં એમ કહે છે કે તે અરજદારના ઘરથી ૫ કિ.મી.ની ત્રિજ્યામાં જ ૧૫ દિવસમાં પૂરી પાડવામાં આવશે. કામદારોને રાજ્યમાં ખેત મજૂરોને જે લઘુતમ વેતન અપાય છે તે મેળવવાનો અધિકાર રહેશે. વળી, અરજદારને જો ૧૫ દિવસમાં રોજગારી પૂરી પાડવામાં નહિ આવે તો બેકારી ભથ્થું આપવામાં આવશે. આ કાયદા હેઠળ રોજગાર બાંયધરી કાર્યક્રમ ચલાવવામાં આવશે અને તેના દ્વારા તમામ અરજદારોને રોજગારી પૂરી પાડવામાં આવશે. કાર્યક્રમ અન્વયે માત્ર ઉત્પાદક કામો જ હાથ ધરવામાં આવશે. ઉત્પાદક કામોની વ્યાખ્યા એવી બાંધવામાં આવી છે કે તે એવાં કામો હશે કે સીધી કે આડકતરી રીતે ઉત્પાદનમાં વધારો કરે, ટકાઉ અસ્કામતો ઊભી કરે, પર્યાવરણનું જતન કરે અથવા જીવનની ગુણવત્તામાં સુધારો કરવામાં પોતાનું યોગદાન આપે.

તમામ સ્તરે ઉત્તરદાયિત્વ અને પારદર્શિતા ઊભી થાય તેવી સખત જોગવાઈઓ કરવામાં આવી છે. જેમ કે, તમામ કામદારોને રોજગાર કાર્ડ અપાશે, અગાઉથી નક્કી કરાયેલી તારીખે લોકોની હાજરીમાં જ ચુકવણી કરાશે, જાહેર તપાસ માટે તમામ દસ્તાવેજો પ્રાપ્ય રહેશે, તમામ કામોનું નિયમિત સામાજિક અન્વેષણ કરાશે, ગ્રામ પંચાયતમાં

## ગુજરાતમાં રોજગાર અધિકાર યાત્રા

રોજગાર બાંયધરી ધારાના સમર્થનમાં દેશભરમાં રોજગાર અધિકાર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતનાં ૧૦ રાજ્યોમાં સૌથી ગરીબ ૧૦૦ જિલ્લાઓમાં આ યાત્રા ફરી હતી. ગુજરાતમાં ૧૮મી મેએ ખેડબ્રહ્મા, ૧૯મી મેએ ગોધરા અને ૨૦મી મેએ ડેડિયાપાડામાં આ યાત્રા ફરી હતી. આ અંગેની એક આયોજન બેઠક ૧૨મી મેએ મળી હતી. આ બેઠકમાં 'પ્રગતિ પ્રયાસ કેન્દ્ર', 'ઘડતર', 'રાજપીપળા સોશ્યલ સર્વિસ સોસાયટી', 'ગોધરા ગૌરવ' અને 'આનંદી'ના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

ગુજરાતમાં આ યાત્રા રાજસ્થાનના ડુંગરપુરથી પ્રવેશી હતી. તેનો સૌ પ્રથમ કાર્યક્રમ ખેડબ્રહ્મામાં યોજવામાં આવ્યો હતો. બનાસકાંઠા દલિત સંગઠન, આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ અને બિહેવિયરલ સાયન્સ સેન્ટર (બીએસસી)એ યાત્રા વિશેનું સંકલન સંભાળ્યું હતું. ૧૯મી મેએ યાત્રા ગોધરા પહોંચી હતી. ત્યાં પ્રગતિ પ્રયાસ કેન્દ્ર, ઘડતર અને 'આનંદી'એ યાત્રાના કાર્યક્રમોનું સંકલન સંભાળ્યું હતું. ત્યાં એક જાહેર સભા યોજવામાં આવી હતી અને દુષ્કાળગ્રસત વિસ્તારોમાં થયેલાં કામો અંગેના અનુભવોની આપલે કરવામાં આવી હતી. યાત્રા પછી રાજપીપળા ગઈ હતી.

૨૦મી મેએ યાત્રા ડેડિયાપાડા પહોંચી હતી. ત્યાં 'રાજપીપળા સોશ્યલ સર્વિસ સોસાયટી', 'આર્ચ' અને 'નેશનલ એલાયન્સ ઓફ પીપલ્સ મુવમેન્ટ' - ગુજરાત દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

યાત્રા દરમ્યાન રોજગાર અધિકાર અને કામના અધિકાર અંગે સમજણ આપતાં ચોપાનિયાં વહેંચવામાં આવ્યાં હતાં. ગોધરા ખાતેની સભામાં લગભગ ૧૦૦૦થી વધુ લોકોએ હાજરી આપી હતી. લોકોએ ગરીબી, જીવનનિર્વાહ, સ્થળાંતર, કામને બદલે અનાજ કાર્યક્રમના અનુભવો વગેરે જેવા મુદ્દાઓ વિશે વાત કરી હતી. કામના અધિકાર વિશેનું એક નાટક 'દેવગઢ મહિલા સંગઠન'ની એક ટુકડીએ ભજવ્યું હતું. તેમાં સ્થળાંતર સાથે સંબંધિત મુદ્દાઓને પણ આવરી લેવામાં આવ્યા હતા.

નર્મદા જિલ્લામાં સાગબારા ખાતે 'પર્યાવરણ સંઘર્ષ સમિતિ' દ્વારા એક સભાનું આયોજન કરાયું હતું. તેમાં આશરે ૫૦૦૦થી વધુ લોકો હાજર હતા. 'હર હાથકો કામ દો, કામ કા પૂરા દમ દો' સૂત્ર સાથે અગાઉ આ લોકોએ સમગ્ર નગરમાં રેલી કાઢી હતી. પછી ત્રણ કલાક ચાલેલી સભાને અગ્રણી કર્મશીલોએ સંબોધી હતી.

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ખરડો – ૨૦૦૪ : કેટલીક મહત્ત્વની જોગવાઈઓ

### હેતુઓ

(૧) ભારતના બંધારણની કલમ-૪૧ અન્વયે કામના અધિકારનું રક્ષણ રાજ્યની ફરજ છે, માટે તેને અંગે અસરકારક જોગવાઈ કરવી.

(૨) કામના અધિકારના રક્ષણની સાથે સાથે જીવનનો અધિકાર, અન્નનો અધિકાર અને શિક્ષણનો અધિકાર જેવા બંધારણીય અધિકારોનો ભોગવટો પણ અનિવાર્ય છે.

(૩) ગ્રામ વિસ્તારોમાં ખાતરીપૂર્વકની રોજગારી પૂરી પાડી એને કામના અધિકારની પ્રાપ્તિ તરફનું મોટું પગલું બનાવવું.

(૪) ખાતરીવાળી રોજગારીના કાર્યક્રમ દ્વારા માળખાગત સવલતોના વિકાસ, સામાજિક સમતા, પર્યાવરણનું રક્ષણ અને મહિલાઓની અધિકારિતા સિદ્ધ કરવાં.

(૫) ખાતરીવાળી રોજગારીની જોગવાઈ માટે વિકેન્દ્રિત અભિગમ અપનાવીને વિકાસના આયોજન અને સ્થાનિક શાસનમાં લોકોની સહભાગિતાને પ્રોત્સાહન આપવું.

### કાયદાનો અમલ

(૧) જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય ભારતના તમામ ગ્રામીણ વિસ્તારોમાં તે લાગુ પડશે.

(૨) કેન્દ્ર સરકાર સત્તાવાર રાજપત્રમાં જે તારીખે જાહેરનામું બહાર પાડે તે તારીખથી તેનો અમલ થશે.

(૩) જુદાં જુદાં રાજ્યો માટે અને રાજ્યોના જુદા જુદા વિસ્તારો માટે અમલની જુદી જુદી તારીખો નક્કી થઈ શકશે.

(૪) પણ ભારતના તમામ ગ્રામ વિસ્તારોમાં આ કાયદો પાંચ વર્ષમાં અમલમાં આવશે.

(૫) શરૂઆતમાં તે સૌથી ગરીબ જિલ્લાઓમાં અમલમાં આવશે અને પછી ધીમે ધીમે પાંચ વર્ષમાં સમગ્ર ભારતમાં લાગુ પડશે.

### રોજગારીની બાંયધરી

(૧) ગ્રામ વિસ્તારોમાં રહેતા દરેક પરિવારમાં કમ-સે-કમ એક પુખ્ત વ્યક્તિને વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી લઘુતમ વેતન સાથે બાંયધરી સાથે મેળવવાનો અધિકાર રહેશે.

(૨) કરેલા કામનું વેતન સાત દિવસમાં ચૂકવાશે.

(૩) કામ આકસ્મિક શારીરિક મજૂરી રહેશે.

(૪) કેન્દ્ર સરકાર રોજગારીના દિવસોની સંખ્યા ૧૦૦થી વધારી શકે છે, તે દરેક પુખ્ત વયની વ્યક્તિ માટે અને શહેરી વિસ્તારોમાં પણ લાગુ પડી શકે છે. વળી, રાજ્યના કેટલાક કે તમામ વિસ્તારો માટે પણ એ લાગુ પડી શકે છે.

(૫) જે રાજ્યમાં રોજગાર બાંયધરી અંગેનો કાયદો હોય ત્યાં વ્યક્તિને એ કાયદા કે આ કાયદા હેઠળ રોજગારી મેળવવાની પસંદગી કરવાનો અધિકાર રહેશે.

### કાર્યક્રમનો અમલ કોણ કરશે?

(૧) જિલ્લામાં કાર્યક્રમના અમલ માટે કલેક્ટર જવાબદાર રહેશે. બાકીના તમામ અધિકારીઓ છેવટે કલેક્ટરને જવાબદાર રહેશે.

(૨) કલેક્ટર છેવટે જિલ્લા પંચાયતને જવાબદાર રહેશે.

(૩) દરેક તાલુકામાં કાર્યક્રમ અધિકારીની નિમણૂક રાજ્ય સરકાર કરશે. તે જિલ્લા પંચાયત અને કલેક્ટરને જવાબદાર રહેશે.

(૪) કાર્યક્રમ અધિકારીનાં સત્તાઓ અને ફરજો ગ્રામ પંચાયતને સોંપી શકાય.

(૫) આકસ્મિક કામની માંગનો અંદાજ બાંધવા જિલ્લાનું શ્રમ અંદાજપત્ર તૈયાર કરવામાં આવે. તેને આધારે કામોનું આયોજન થાય.

### કાર્યક્રમનાં લક્ષણો

(૧) આ ધારાના અમલના આરંભથી છ માસમાં રાજ્ય સરકાર રોજગાર બાંયધરી કાર્યક્રમ ઘડશે.

(૨) કાર્યક્રમના નિયમો સત્તાવાર જાહેરનામામાં પ્રકાશિત કરવામાં આવશે. તેનો સારાંશ પ્રાદેશિક અને સ્થાનિક અખબારોમાં કે અન્ય રીતે પ્રકાશિત કરાશે.

(૩) કાર્યક્રમ અન્વયે માત્ર ઉત્પાદક કામો જ હાથ ધરવામાં આવશે. આ કામોની યાદી રાજ્યની પરિષદ નક્કી કરશે.

(૪) આર્થિક, સામાજિક અને પર્યાવરણીય લાભોને આધારે તથા સામાજિક સમાનતામાં તેમનું પ્રદાન અને કાયમી અસ્કામતોનું સર્જન કરવાની તેમની ક્ષમતાને આધારે કામોની પસંદગી કરાશે.

(૫) આ કામો ગ્રામ વિસ્તારોમાં હાથ ધરાશે. જો કે, કેટલાંક કામો અન્ય વિસ્તારોમાં પણ હાથ ધરી શકાય.

(૬) અકુશળ મજૂરોના કૌશલ્યને વધારવાની તાલીમ શક્ય હશે ત્યાં સુધી આપવામાં આવશે.

(૭) લઘુતમ વેતન કરતાં ઓછું વેતન મજૂરોને નહિ ચૂકવાય.

(૮) મજૂરે રોજના ૭ કલાક કામ કરવાનું રહેશે.
(૯) કાર્યક્રમ અધિકારી અને ગ્રામ પંચાયત કામ માગનારને ગમે તે કામ સોંપી શકે છે.
(૧૦) ગ્રામ પંચાયતો જે પરિયોજનાઓ હાથ ધરશે તેમાં કોન્ટ્રેક્ટરોનો ઉપયોગ કરવામાં નહિ આવે.
(૧૧) કાર્યક્રમ અધિકારી દ્વારા હાથ ધરાનારી પરિયોજનાઓમાં પણ કોન્ટ્રેક્ટરોનો ઉપયોગ નહિ થાય, સિવાય કે અમુક પ્રકારનાં કામો માટે નિયમોમાં છૂટ અપાઈ હોય.
(૧૨) કોન્ટ્રેક્ટરોનો ઉપયોગ કરવામાં આવે ત્યારે પણ મજૂરોને વેતનની ચુકવણી સીધી સરકાર કરશે.

**રોજગાર બાંયધરીની શરતો**

(૧) ગ્રામ વિસ્તારમાં રહેતી અને લઘુતમ વેતને આકસ્મિક શારીરિક મજૂરીનું કામ કરવા તૈયાર પુખ્ત વયની વ્યક્તિએ પોતાનું નામ-સરનામું ગ્રામ પંચાયતમાં નોંધાવવું પડશે.
(૨) તેને નોંધણી પછી તારીખ અને ફોટા સાથેનું જોબ કાર્ડ અપાશે.
(૩) આ નોંધણી પાંચ વર્ષ સુધી રહેશે. પછી સમયે સમયે તે તાજી કરી શકાશે.
(૪) એક નાણાકીય વર્ષમાં ૧૦૦ દિવસ સુધીની રોજગારી મેળવવાનો તે વ્યક્તિને અધિકાર રહેશે.
(૫) નોંધણી પછી ૧૫ દિવસમાં રોજગારી પૂરી પાડવાની જવાબદારી રાજ્ય સરકારની રહેશે.
(૬) વ્યક્તિ પોતાને કેટલા દિવસ રોજગારી જોઈએ છે તે નોંધણી પત્રકમાં જણાવે. પણ તેણે સતત કમ-સે-કમ ૧૪ દિવસના કામની અરજી તો કરવી જોઈએ.
(૭) અરજીના દિવસો કે રોજગારીના દિવસો ઉપર કોઈ મર્યાદા નથી.
(૮) ગ્રામ પંચાયત કે કાર્યક્રમ અધિકારી અરજીની પહોંચ આપશે. એક જૂથમાં પણ અરજીઓ કરી શકાય.
(૯) જેમને કામ આપવામાં આવશે તેમનાં નામો ગ્રામ પંચાયતમાં જાહેર નોટિસમાં લખાશે. જે તે વ્યક્તિને પણ લેખિત જાણ કરવામાં આવશે.
(૧૦) શક્ય હોય ત્યાં સુધી અરજદારના ગામથી પાંચ કિ.મી.ની ત્રિજ્યામાં તેને કામ અપાશે.
(૧૧) જો પાંચ કિ.મી.થી દૂર કામ અપાશે તો તે તાલુકામાં હશે. તો તેને પરિવહન ભથ્થું અને રોજિંદું નિર્વાહ ભથ્થું ચૂકવવાનું રહેશે.
(૧૨) જો ૧૫ દિવસમાં અરજદારને કામ નહિ અપાય તો તેને બેકારી ભથ્થું અપાશે.
(૧૩) બેકારી ભથ્થું ખેત મજૂરના લઘુતમ વેતનના ત્રીજા ભાગ કરતાં ઓછું નહિ હોય.
(૧૪) જે તારીખથી રોજગારી જોઈતી હોય તે તારીખથી અગાઉ અરજી કરી શકાય છે. જો તેને તે તારીખ થી ૧૫ દિવસમાં કામ ન અપાય તો તે તારીખથી તેને બેકારી ભથ્થું અપાશે.
(૧૫) એક જ વ્યક્તિ જુદી જુદી તારીખોથી રોજગારી માગતી અનેક અરજીઓ કરી શકે છે.
(૧૬) ગ્રામ પંચાયત મજૂરને ઓળખપત્ર કે પાસબૂક આપશે.

**કાર્યક્રમ અધિકારી અને ગ્રામ પંચાયતનાં કાર્યો**

(૧) રોજગારી માટેની માંગ અને પરિયોજનાઓમાંથી ઊભી થતી રોજગારીની તકો વચ્ચે સુમેળ સાધવાની જવાબદારી કાર્યક્રમ અધિકારીની રહેશે. આ કામોમાં ગ્રામ પંચાયતો દ્વારા હાથ ધરાયેલાં કામોનો પણ સમાવેશ થશે.
(૨) ગ્રામ પંચાયતો અને અમલ કરનારી અન્ય સંસ્થાઓ દ્વારા જે પરિયોજનાઓ તાલુકામાં હાથ ધરવામાં આવેલી હોય તેમની દેખરેખની જવાબદારી કાર્યક્રમ અધિકારીની રહેશે.
(૩) બેકારી ભથ્થું મંજૂર કરવાની અને તેની ચુકવણી કરવાની જવાબદારી કાર્યક્રમ અધિકારીની રહેશે.
(૪) ગ્રામ પંચાયતે ગ્રામ સભાની ભલામણો અનુસાર કાર્યક્રમ હેઠળ પરિયોજનાઓનું આયોજન કરવાની જવાબદારી નિભાવવાની છે.
(૫) આ પરિયોજનાઓ માટેની દરખાસ્તો ગ્રામ પંચાયતે કાર્યક્રમ અધિકારીને મોકલવાની રહેશે. કાર્યક્રમ અધિકારી આ દરખાસ્તો તપાસશે અને તેમને પ્રાથમિક મંજૂરી આપશે.
(૬) ગ્રામ સભા અને ગ્રામ પંચાયત દ્વારા જેમની ભલામણ કરવામાં આવી છે તેવાં કામોને આ કાર્યક્રમ હેઠળ પ્રાથમિકતા આપવામાં આવશે.
(૭) કાર્યક્રમ અધિકારીએ ગ્રામ પંચાયતને મંજૂર થયેલાં કામો માટે હાજરી પત્રક આપવાનાં રહેશે. ગ્રામ પંચાયતના રહીશો માટે અન્યત્ર કામની તકો ક્યાં ક્યાં છે તેની યાદી પણ ગ્રામ પંચાયતને કાર્યક્રમ અધિકારીએ આપવાની રહેશે.
(૮) ગ્રામ પંચાયત અરજદાર લોકોમાં રોજગારીની તકોની ફાળવણી કરશે અને તેમને કામ પર બોલાવશે.
(૯) રાજ્ય સરકાર આ કાર્યક્રમ માટે ગ્રામ પંચાયતને પૂરતા કર્મચારીઓ અને ટેકનિકલ ટેકો પૂરા પાડશે.

**(સંકલનઃ હેમન્તકુમાર શાહ)**

હાજરીપત્રકો વેતન ચૂકવાય ત્યાં સુધી રાખવામાં આવશે, ગ્રામ સભા સંસાધનોના ઉપયોગનું પ્રમાણપત્ર આપશે વગેરે. આમ, રોજગાર બાંયધરી ધારો માહિતીના અધિકાર ધારા સાથે સુસંગત છે.

સ્થાનિક સ્તરે કાર્યક્રમના અમલની જવાબદારી તાલુકા સ્તરના અધિકારીની રહેશે. ગામ સ્તરનાં કામોનું આયોજન અને અમલ ગ્રામ પંચાયત ગ્રામ સભાની ભલામણોને આધારે કરશે. પંચાયતો કામોના હિસાબો જાળવે અને તમામ કામોનું સામાજિક અન્વેષણ થાય તેવી અપેક્ષા પણ છે.

રાષ્ટ્રીય સ્તરે કેન્દ્રીય રોજગાર બાંયધરી પરિષદ અને રાજ્ય સ્તરે રાજ્ય રોજગાર બાંયધરી પરિષદ આ કાર્યક્રમ ઉપર દેખરેખ રાખશે. કાયદાનો મુસદ્દો એમ જણાવે છે કે મજૂરીનું ખર્ચ સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર આપશે અને સામગ્રીનું ખર્ચ કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સરખે હિસ્સે વહેંચાશે. કાયદો રાષ્ટ્રીય રોજગાર બાંયધરી ફંડની જોગવાઈ કરે છે.

## મહત્ત્વના મુદ્દાઓ

ત્રણ મહત્ત્વના મુદ્દાઓ વિશે આ વિમર્શ સભામાં ચર્ચા કરાઈઃ

(૧) કાયદાના મુસદ્દાનાં વિવિધ પાસાં અને લક્ષણો.
(૨) ટકાઉ અસ્કામતોનું સર્જનઃ કામ સાથે રાજ્યની સામાન્ય યોજનાકીય કે બિન-યોજનાકીય પ્રવૃત્તિઓને એ રીતે સાંકળવી કે જેથી અધિશેષ શ્રમિકોનો ઉપયોગ થાય.
(૩) રોજગાર બાંયધરી ઉપરના ખર્ચને પહોંચી વળવા નાણાં માટેનાં સ્રોતો.

### ૧. સમાન લઘુતમ કાર્યક્રમ અને કાનૂનના મુસદ્દાનાં લક્ષણો

### ૧૦૦ કે તેથી વધુ દિવસની રોજગારી

વ્યક્તિ દીઠ વાર્ષિક ૧૦૦ દિવસની રોજગારી આપવાનું જ નક્કી કરાયું છે એ બાબતે આ વિમર્શ સભામાં ટીકા થઈ હતી. રોજગાર બાંયધરીનો ટેકનિકલ અને સૈદ્ધાંતિક અર્થ એ હોવો જોઈએ કે સમગ્ર વર્ષ દરમ્યાન રોજગારી પ્રાપ્ય છે. એટલે કે જ્યારે અન્યત્ર કામ નથી મળતું ત્યારે લોકો રોજગાર બાંયધરી માટેનાં સ્થળોએ રોજગારી મેળવી શકે છે. આ સંદર્ભમાં આ મુસદ્દામાં માત્ર મર્યાદિત ધોરણે જ રોજગાર બાંયધરી પૂરી પાડવાની વાત છે. વાસ્તવમાં, બાંયધરી એ 'ક્લીઅરિંગ હાઉસ' બનવી જોઈએ. એટલે કે શ્રમનો પુરવઠો અને માંગ બંને ત્યાં સરખાં થાય. એનો અર્થ એમ થાય કે મંદ ઋતુ દરમ્યાન તે વધારે તકો પૂરી પાડે. અર્ધ-સૂકા અંતરિયાળ વિસ્તારોમાં અને સીમાન્ત ખેતીના વિસ્તારોમાં સમગ્ર વર્ષના ઘણા મોટા ભાગ સુધી રોજગારી માટેની માંગ ઘણી ઊંચી હોય છે. દર વર્ષે તેમાં ખાસ્સા મોટા પ્રમાણમાં ફેરફારો પણ થાય છે. એટલે દિવસોની સંખ્યા મર્યાદિત કરી નાખવાનું કામદારોના હિતમાં નથી.

મહારાષ્ટ્રની રોજગાર બાંયધરી યોજનાના અનુભવો એમ દર્શાવે છે કે ૧૯૭૪ અને ૧૯૭૯ સિવાય ખરેખર રોજગારીના દિવસો ૧૦૦થી પણ ઓછા હતા. તે દરમ્યાન સખત દુકાળ પડ્યો હતો. વળી, જ્યારે અર્થતંત્રનો પાયો ખૂબ જ નાનો હોય છે ત્યારે રોજગારીના દિવસો ઓછા હોય છે. કેટલાક એવી દલીલ કરી શકે છે કે મહારાષ્ટ્ર રોજગાર બાંયધરી યોજના હેઠળ જે વેતન આપવામાં આવે છે તે ખેતીમાંના પ્રવર્તમાન વેતન કરતાં નીચું હોય છે અને રોજગારી માટેની માંગ વેતન દર સાથે ખૂબ જ મૂલ્ય સાપેક્ષ હોય છે તેથી આ પરિણામ આવ્યું હતું. જો કે, ૧૯૮૩ પછી આ યોજના હેઠળનું વેતન અને લઘુતમ વેતન બંને સરખાં હતાં. તેમ છતાં આ યોજના હેઠળ રોજગારીની માંગ ૧૦૦ દિવસ કરતાં ઘણી જ ઓછી રહી હતી. માત્ર એ વર્ષોમાં જ માંગ વધારે રહી હતી કે જે વર્ષોમાં વરસાદ ખૂબ જ ઓછો પડ્યો હતો. આમ, આરંભમાં ૧૦૦ દિવસની મર્યાદા મૂકવાને બદલે સંપૂર્ણ વર્ષ દરમ્યાન કામની બાંયધરી આપવી જોઈએ. વળી, આ બાબત રાજ્ય સરકારના વિવેક પર છોડી દેવી જોઈએ નહિ.

### પરિવાર દીઠ એક વ્યક્તિ કે દરેક પુખ્ત વ્યક્તિ

મુસદ્દામાં એમ જણાવાયું છે કે રોજગાર બાંયધરી પરિવારની માત્ર એક જ વ્યક્તિને પૂરી પાડવામાં આવશે. આ બાબત સાર્વત્રિક અધિકારના સિદ્ધાંતનો સ્પષ્ટતયા ભંગ કરે છે. ઉપરાંત, પરિવાર એ કોઈ કાનૂની એકમ નથી અને તેથી એ રીતે ફરિયાદનું નિવારણ કરવાનું મુશ્કેલ બની શકે છે. મોટાં પરિવારોમાં ખૂબ જ ઓછાં સંસાધનો વધારે સભ્યો વચ્ચે વહેંચાતાં હોય છે. ત્યારે ઘણાબધા લોકો આ યોજનામાંથી બાકાત રહી જશે અને એ રીતે લઘુતમ જીવનનિર્વાહ બધા લોકોને પૂરો પાડવાનો હેતુ માર્યો જશે. વળી, એવું પણ શક્ય છે કે પુરુષ કામદારો મોટા ભાગની રોજગારી મેળવી લેશે અને મહિલાઓનો રોજગારી મેળવવાનો અધિકાર ઝૂંટવાઈ જશે. આથી મહિલાઓના જીવનનિર્વાહના પ્રશ્નો પશ્ચાદ્‌ભૂમાં ધકેલાઈ જશે. આથી રોજગાર બાંયધરી તમામ પુખ્ત વયનાઓને અપાવી જોઈએ અને તે પરિવાર પૂરતી મર્યાદિત ન રહેવી જોઈએ. પણ જો હાલની જોગવાઈ જ ચાલુ રહેવાની હોય તો કમ-સે-કમ ૪૦ ટકા રોજગારી મહિલાઓ માટે અનામત રખાવી જોઈએ.

### ગ્રામીણ, શહેરી કે બંને?

સમાન લઘુતમ કાર્યક્રમમાં એમ જણાવવામાં આવ્યું છે કે રોજગાર બાંયધરી ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોને આવરી લેશે. પરંતુ કાયદાના મુસદ્દામાં માત્ર ગ્રામીણ વિસ્તારોને જ આવરી લેવાયા છે.

વખાના માર્યા લોકો ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં મોટા પાયા પર સ્થળાંતર કરતા હોય છે. આથી ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોનાં નાનામાં નાનાં નગરોમાં બેકારોની સંખ્યા ખૂબ વધારે હોય છે કે જેઓ કંગાલિયતમાં જીવતા હોય છે. આથી શહેરી બેકારોને પણ રોજગાર બાંયધરી ધારા હેઠળ આવરી લેવાવા જોઈએ.

## ૨. ટકાઉ અસ્કામતોનું સર્જન અને શ્રમિકોનાં સંગઠનોને મજબૂત બનાવવાં

રોજગાર બાંયધરી માત્ર રોજગારીની જ ખાતરી આપે છે એવું નથી પરંતુ તે ટકાઉ ઉત્પાદક અસ્કામતો પણ ઊભી કરે છે. આવી અસ્કામતો ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવે છે, અને તે પછી રોજગારી ઉપર ગુણક અસર ઊભી કરે છે. રોજગાર સર્જનના કાર્યક્રમોનો ભૂતકાળનો અનુભવ એમ દર્શાવે છે કે સામાન્ય રીતે જે રોજગારી ઊભી થાય છે તે કામચલાઉ હોય છે અને જે અસ્કામતો ઊભી થાય છે તે પણ ખૂબ જ ટૂંકા ગાળામાં અદૃશ્ય થઈ જતી હોય છે. એટલે પછી એ અસ્કામતો આપમેળે રોજગારી ઊભી કરી શકે તેવી હોતી નથી. તેમ છતાં ઘણા વિસ્તારોમાં યોગ્ય પ્રકારના આયોજનને લીધે અને લોકોની સહભાગિતા અસરકારક હોવાને લીધે સારી અસ્કામતોનું સર્જન થયું છે. આવા વિસ્તારોમાં સ્થાનિક રીતે ખાસ્સા પ્રમાણમાં રોજગારી વધી છે અને તેને લીધે આવક પણ વધી છે.

આથી ‘ઉત્પાદક કામો’ની વધુ સ્પષ્ટ વ્યાખ્યા બંધાવી જોઈએ. હાલ જે વ્યાખ્યા આપવામાં આવી છે તેમાં એમ લખવામાં આવ્યું છે કે, “ઉત્પાદનમાં વધારો કરે, ટકાઉ અસ્કામતો ઊભી કરે, પર્યાવરણનું જતન કરે કે જીવનની ગુણવત્તામાં સુધારો કરે તેમાં સીધી કે આડકતરી રીતે પ્રદાન આપનારાં કામો” ઉત્પાદક કામો કહેવાય. ગ્રામ વિસ્તારોમાં જે અસ્કામતો સૌથી વધારે લાભદાયી હોય છે તેમાં આ પરંપરાગત શ્રમગહન કામોનો સમાવેશ થાય છેઃ જળસ્રાવ વિકાસ, તળાવો અને જળસંગ્રહ કરતાં સ્થાનો પુનઃ સજીવન કરવાં, જમીન વિકાસ અને વનોના પુનર્નિર્માણ જેવી પર્યાવરણના જતનની પ્રવૃત્તિઓ, અનાજનો સંગ્રહ કરવા માટે ગ્રામ વિસ્તારોમાં ગોદામો, કચરાનો નિકાલ અને જાહેર આરોગ્ય જેવાં સામાજિક ક્ષેત્રનાં કામો અને ગૃહ ઉદ્યોગો. આ કાર્યક્રમમાં આ બધાનો સ્પષ્ટ ઉલ્લેખ થવો જોઈએ. એક વાર સ્પષ્ટ વ્યાખ્યા ઊભી થશે પછી વિકેન્દ્રિત ઢબે તેમનું સર્જન કરવાનું આયોજન કરવું સરળ થઈ જશે.

માંગ ઊભી થાય ત્યારે કામો હાથ ધરી શકાય છે અથવા તો નિશ્ચિત સમયગાળામાં પરિયોજનાઓ ઘડી શકાય અને પૂરી પાડી શકાય. મહારાષ્ટ્રનો અનુભવ એમ દર્શાવે છે કે અનેક પ્રસંગોએ માંગ ઊભી થવાથી જ્યારે કામો શરૂ થયાં છે ત્યારે તે પૂરાં થયાં જ નથી. મહારાષ્ટ્ર રોજગાર બાંયધરી યોજના હેઠળ અનેક તળાવો બાંધવામાં આવ્યાં છે પણ પાણીની અછત યથાવત્ છે અને ટેન્કરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે. આથી સૂચિત રોજગાર બાંયધરી યોજના ગ્રામીણ અસ્કામતોના સર્જનની પ્રક્રિયા સાથે સંકળાયેલી હોવી જોઈએ ખરી?

## ૩. વેતન દર

શ્રમનો પુરવઠો વેતન દરના સંદર્ભમાં સાપેક્ષ હોય છે. રોજગાર બાંયધરી ધારાનો મુસદ્દો એમ કહે છે કે રાજ્યોમાં ખેત મજૂરોને જે વેતન લઘુતમપણે ચૂકવાય છે તેટલું વેતન તો આ રોજગાર બાંયધરી યોજના અન્વયે ચૂકવાશે. પરંતુ લઘુતમ વેતન દરેક રાજ્યમાં જુદું જુદું હોય છે. એક સૂચન એવું કરવામાં આવે છે કે વેતનના પ્રમાણ માટે કોઈક રાષ્ટ્રીય સીમાચિહ્ન હોવું જોઈએ. જો કે, તેનાથી ઊંધું હોય તો શું? અથવા તો કેન્દ્રને સમાંતર એવા રોજગાર કાર્યક્રમો રાજ્ય ચલાવતું હોય તો કેન્દ્ર તેમાં તફાવત કેવી રીતે ઊભો કરશે? શક્ય છે કે સમયાંતરે વેતનમાં પ્રાદેશિક સમાનતા ઊભી થાય. પણ હાલ તો રાજ્યમાં જે લઘુતમ વેતન અપાય છે તેની બાંયધરી તો અપાવી જ જોઈએ. વળી, રોજગાર સર્જનના કાર્યક્રમો બેવડાવવા જોઈએ નહિ અને એ કાર્યક્રમો આ કાર્યક્રમમાં ભેળવી દેવા જોઈએ.

એક એવું પણ સૂચન આ ગોષ્ઠીમાં કરવામાં આવ્યું હતું કે વેતન અનાજ અને રોકડ બંને સ્વરૂપમાં અપાવું જોઈએ. તેમાં અનાજનો ભાવ બીપીએલ પરિવાર માટેના દર જેટલો હોવો જોઈએ. એટલે કે ૧૦ કિ.ગ્રામ. અનાજ એટલે કે રૂ. ૪.૬૦ના કિલોગ્રામના ભાવે રૂ. ૪૬ અને ૧૪ રૂપિયા રોકડ એમ રૂ. ૬૦ લઘુતમ વેતન ચૂકવવામાં આવે. જો કામ નિયમિત રીતે મળે તો તેનાથી કુટુંબ સ્તરે અન્ન સલામતી ઊભી થશે અને ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનું અનાજના સંગ્રહનું ખર્ચ ઘટી જશે. જો કે, આટલું વેતન ગરીબોને લાંબા ગાળે લાભ નહિ આપે. જો અનાજના ભાવો અન્ય વસ્તુઓની તુલનાએ ઘટે તો એમ જ થશે. આ બાબત વિશે ગંભીરતાથી વિચારવાની જરૂર છે.

લઘુતમ વેતન એ એક આર્થિક જરૂરિયાત છે અને આ કાર્યક્રમથી લઘુતમ જીવનનિર્વાહ તો થવો જ જોઈએ. તેમ છતાં વેતન દર એવો હોય કે જેથી આપોઆપ તે લક્ષ્યાંક તરફ ગતિ કરે. એટલે કે જેને ખૂબ જ જરૂર છે તેને જ કામ મળે. કામચલાઉ રીતે વિચારીએ તો એમ કહી શકાય કે રોજગાર બાંયધરી કાર્યક્રમમાં વેતન દર ફુગાવાના દર સાથે સંકળાયેલો હોવો જોઈએ. અને જેમ જેમ અર્થતંત્રમાં વૃદ્ધિ વધે તેમ તેમ તે વધવું જોઈએ. જો આમ થશે તો જ વેતનની વધારે સારી વહેંચણી થશે અને તે ગ્રામીણ કામદાર વર્ગ માટે જીવન વેતનનો દર નક્કી કરવા માટેનો પાયો પૂરો પાડશે.

વળી, રાજ્ય સ્તરે વેતન અને સાધન સામગ્રીના ખર્ચનું પ્રમાણ ૬૦:૪૦નું

રહેવું જોઈએ. એ તમામ કામો માટે હોય એવી સર્વસંમતિ આ ગોષ્ઠીમાં ઊભી થઈ હતી. જો કે, દરેક પરિયોજનાના સંદર્ભમાં ફેરફાર થઈ શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. વેતન પીસ રેટના આધારે ચૂકવાવું જોઈએ.

**૪. નાણાં વ્યવસ્થા**

જેઓ રોજગાર બાંયધરીની ટીકા કરે છે તેઓ નાણાં ક્યાંથી આવશે તેવો પ્રશ્ન સતત ઊભો કરે છે. તેઓ એમ કહે છે કે રાજકોષીય ખર્ચ ઘણું વધારે થશે અને રાજ્ય સરકારો કે કેન્દ્ર સરકારને તે હાલ પોસાઈ શકે તેમ છે જ નહિ. સાથે સાથે એક પરિવારમાં જો ૧૦૦ દિવસની રોજગારી મળે તો વર્ષમાં તે પરિવારને વધારાની રૂ. ૬,૦૦૦ની આવક મળે છે. આ રકમ લઘુતમ જીવનધોરણ માટે પૂરતી નથી. તેને માટે તો તેણે બીજે ક્યાંકથી રૂ. ૧૨,૦૦૦ કમાવા પડે. આ પરિસ્થિતિના સંદર્ભમાં જરૂરી નાણાકીય સંસાધનોની ગણતરી કરવી હોય તો આ પરિબળો ધ્યાનમાં લેવાં પડેઃ વેતન દર, શ્રમનો પુરવઠો, કામદારદીઠ રોજગારીના દિવસોની સંખ્યા, આર્થિક પ્રવૃત્તિમાં વેતન ખર્ચનું પ્રમાણ, કાર્યક્રમના તબક્કા અને તેનું આવરણ. આ બધી બાબતોને ધ્યાનમાં લઈને કે અમુક બાબતોને ધ્યાનમાં લઈને જુદા જુદા અંદાજો બાંધવામાં આવે છે. તમામ ગ્રામીણ પરિવારોમાંથી ૩૩થી ૪૦ ટકા પરિવારો માટે રોજગારીનો અધિકાર માગવામાં આવે તો અને એક વ્યક્તિની ૧૦૦ દિવસની રોજગારીનું ખર્ચ રૂ. ૧૦૦ ગણાય તો દર વર્ષે રૂ. ૪૪,૦૦૦ કરોડથી રૂ. ૫૩,૦૦૦ કરોડ જોઈએ. રૂ. ૧૦૦ના ખર્ચમાં રૂ. ૬૦ના વેતનનો સમાવેશ થઈ જાય છે. કેટલાક આ અંદાજ રૂ. ૫૫,૦૦૦ કરોડનો મૂકે છે.

ત્રીજો એક અંદાજ એવો છે કે જો હાલના તમામ ૩.૫ કરોડ બેકારોને ૧૦૦ દિવસની રોજગારી આપવામાં આવે તો રૂ. ૩૫,૦૦૦ કરોડ જોઈએ. ચોથો અંદાજ એવો છે કે જો ગરીબીની રેખા નીચે જીવતાં તમામ ગ્રામીણ પરિવારોને ૧૦૦ દિવસનું કામ અપાય તો તેમાં રૂ. ૪૦,૦૦૦ કરોડનું ખર્ચ થાય. આ બધા અંદાજો એમ કહે છે કે દેશના કુલ ઘરેલૂ ઉત્પાદન (જીડીપી - ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ)ના ૧.૩ ટકાથી ૧.૮ ટકા જેટલું ખર્ચ થાય.

સરકાર આ કાર્યક્રમ માટેનાં નાણાં કેવી રીતે મેળવવાનું આયોજન કરી રહી છે? આ ગોષ્ઠીના સહભાગીઓમાં એ બાબતે સર્વસંમતિ પ્રવર્તતી હતી કે દેશમાં જીડીપીના સંદર્ભમાં વેરાનું પ્રમાણ ખૂબ જ નીચું છે અને તાજેતરનાં વર્ષોમાં તો તે ઓર ઘટ્યું છે. સરકારે કરનો પાયો વિસ્તારવાની જરૂર છે, અને ફરી એક વાર ૧૯૯૧ અગાઉ જે ૧૨ ટકાનું પ્રમાણ હતું તે સિદ્ધ કરવાની જરૂર છે. વળી, નિશ્ચિત હેતુઓ માટેના વેરા લાદવાની જરૂર છે. એટલે કે અન્ય હેતુઓ માટે એ વેરાની રકમ વાપરી શકાય નહિ. ત્રીજું, સબસિડીઓ માટે લક્ષ્યાંક જૂથો નક્કી કરવાની વ્યવસ્થા નવેસરથી ગોઠવવામાં આવે અને વધારે કાર્યક્ષમ રીતે સબસિડીનો ઉપયોગ કરવામાં આવે.

છેલ્લે, ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસે જે અનાજનો જથ્થો છે તેમનો ઉપયોગ પણ રોજગાર બાંયધરીના ખર્ચને પહોંચી વળવા માટે કરી શકાય. આ બધામાંથી આ કાર્યક્રમના ખર્ચ માટેનાં નાણાં મળી રહે. ગરીબો તરફ સંસાધનો વાળવાનો લાભ સમગ્ર અર્થતંત્રને મળી શકે છે. તેનાથી રોજગાર-આધારિત વિકાસ ઊભો થશે અને અર્થતંત્રમાં જેટલી અતિરિક્ત ઉત્પાદન શક્તિ છે તેનો ઉપયોગ પણ થશે.

**૫. કેન્દ્ર-રાજ્ય સંબંધો**

મોટા ભાગનાં રાજ્યો નાણાકીય તનાવ હેઠળ છે. અને તેથી તેઓ આ કાર્યક્રમના અમલ માટે વધારાનો નાણાકીય બોજો ઉઠાવવા માટે તૈયાર નથી. જો રાજ્યોને આ રોજગાર બાંયધરી આપવાની ફરજ પડાશે તો તેનાં રાજકીય પરિણામો વિપરીત આવી શકે તેમ છે. એ પણ શક્ય છે કે કેન્દ્ર તેનો ઉપયોગ રાજ્યો સામે રાજકીય લાભ ખાટવા માટે પણ કરે. આ સભામાં એવું સૂચન કરવામાં આવ્યું કે રાજ્યો પર ધીમે ધીમે બોજો પડવો જોઈએ. આરંભમાં કેન્દ્રે ૧૦૦ ટકા ખર્ચ વેંઢારવાની તૈયારી બતાવવી જોઈએ, અને પછી પાંચ વર્ષે કે તેથી વધુ સમયે ૭૫:૨૫નું પ્રમાણ તેમાં કરવું જોઈએ.

**૬. જાહેર કામોમાં ભ્રષ્ટાચાર**

જાહેર કાર્યક્રમોના ઘણા વિશ્લેષકો તેમાં ચાલતા ભ્રષ્ટાચાર ઉપર ધ્યાન દોરે છે. તેઓ કહે છે કે કોઈ પણ નવી યોજના ભ્રષ્ટાચારની શિકાર બને છે. મહારાષ્ટ્ર રોજગાર બાંયધરી યોજનામાં પણ ઘણી વાર કામનું મૂલ્ય તદ્દન આવાસ્તવિકપણે અંદાજવામાં આવ્યું હતું, કારણ કે માપ અને જથ્થાની ગણતરી યોગ્ય રીતે કરવામાં આવતી નહોતી. વળી, બીજા તબક્કાની સમસ્યાઓ પણ ઊભી થઈ શકે છે. જેમ કે, વર્તમાન કામદારો વચ્ચેની સાંઠગાંઠ. તેનાથી કોઈ નવા કામદારને પ્રવેશ મળે જ નહિ. હાલના મુસદ્દામાં સ્થાનિક સ્તરે સામાજિક અન્વેષણની જે જોગવાઈ કરવામાં આવી છે તેને વિમર્શ સભાએ સ્વીકારી હતી અને એવું સૂચન કર્યું હતું કે વિવિધ સ્તરે મૂલ્યાંકન અને દેખરેખ માટે પૂરતી વ્યવસ્થા થવી જોઈએ, કે જેથી ભ્રષ્ટાચાર ના થાય અને સંસાધનોનો દુરુપયોગ ના થાય.

**૭. રોજગાર બાંયધરી માટે પ્રયાસ**

કેટલાક સહભાગીઓને એમ લાગ્યું કે રોજગાર બાંયધરી માટેની ઝુંબેશ હજુ પણ થોડાક નિષ્ણાતો અને વ્યવસાયીઓ પૂરતી મર્યાદિત છે અને રાજકીય પક્ષો કે જનસાધારણનું ધ્યાન તેના તરફ ગયું જ

નથી. રોજગાર બાંયધરી માટેના ધારાની માંગ એ કેટલાક લોકોની માંગ છે અને તેથી તેને શંકાની નજરે જોવાની જરૂર છે. દેશમાં કેટલાક પરિસંવાદો અને સંમેલનો યોજાયાં છે ખરાં, પરંતુ કેટલાક લોકોને લાગે છે કે સૂચિત ધારા વિશે તેમની સાથે પૂરતી ચર્ચા કરવામાં આવી નથી. રાજકીય વાસ્તવિકતા એ છે આ ધારો વિભાજક બની શકે છેઃ સ્થાનિક વેતન વધે તેમ ખેડૂતો અને ખેત મજૂરો વચ્ચે ભાગલા પડી શકે છે. રાજકીય પક્ષો વચ્ચે તે ભેદભાવ સર્જી શકે છે અથવા વહીવટી સત્તાઓ ધરાવનારા અને ન ધરાવનારા વચ્ચે પણ ભેદભાવ સર્જી શકે છે. તેથી આ વિમર્શ સભાએ સર્વસંમતિ ઊભી કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને રોજગાર બાંયધરીના સ્વીકાર અને અમલ માટે લોકોને તૈયાર કરવાની હાકલ કરી હતી. અહીં લક્ષ્યાંક જૂથો અને સંભવિત લાભાર્થીઓની સાથે સંપર્ક ઊભો કરી તેમનામાં જાગૃતિ આણવાની ભૂમિકા સામાજિક સંગઠનો ભજવે એ ખૂબ જ મહત્ત્વની બાબત છે. સંસદમાં સૂચિત ધારાના અમુક વિકૃત સ્વરૂપનો જ સ્વીકાર કરવામાં આવે એ શક્ય છે. હવે તો એ ખરેખર વાસ્તવિકતા બની ગઈ છે. તેમ છતાં કાયદાની આ ચાવી રાજકીય પક્ષોમાં ચર્ચા ઊભી કરી શકે છે અને રાજ્ય સાથેની ભાવિ વાટાઘાટોમાં મદદ મળી શકે છે. એ તો સૌથી સુવિદિત બાબત છે કે હાલની સરકારને બહારથી ટેકો આપનારો માર્ક્સવાદી સામ્યવાદી પક્ષ ઓછો વાચાળ બને છે. પશ્ચિમ બંગાળમાં કામ માટેની માંગ ખૂબ ઊંચી છે અને રાજ્ય રોજગાર સર્જનની સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. વળી, રાજ્યની નાણાકીય સ્થિતિ પણ વણસેલી છે અને તેથી એક એવો ડર પણ તેને સતાવી રહ્યો છે કે આ ધારા માટેનો યશ કોંગ્રેસ પક્ષ લઈ જશે.

ટૂંકમાં, સરકાર કે તેના ભાગીદારો કોઈ આ ધારા વિશે રાજકીય રીતે તૈયાર નથી. ધારાને અને તેના સૂચિતાર્થોને સમજવા માટે વ્યાપક પ્રમાણમાં સર્વસંમતિ હોવાની જરૂર છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે આ કાર્યક્રમ બીજી એક નવી યોજના ન બની જવો જોઈએ.

## ભલામણો

જે ભલામણો વિશે વિમર્શ સભાના સહભાગીઓમાં સર્વસંમતિ પ્રવર્તતી હતી તે નીચે મુજબ છેઃ

(૧) કુટુંબને નહિ પણ પુખ્ત વયની વ્યક્તિઓને રોજગાર બાંયધરી પૂરી પાડવી જોઈએ.

(૨) કાર્યક્રમ હેઠળ લઘુતમ વેતન માટે કોઈક કેન્દ્રીય ધોરણ હોવું જોઈએ. જો કે, યોગ્ય સમયે એ ધોરણ નક્કી કરવાની બાબતે વિગતવાર ચર્ચા થઈ શકે છે.

(૩) બીજા કોઈ પણ કરતાં પંચાયતી રાજ વ્યવસ્થા દ્વારા આ કાર્યક્રમનો શ્રેષ્ઠ રીતે અમલ થઈ શકે.

(૪) તેની વ્યવસ્થાનાં દેખરેખ અને મૂલ્યાંકન માટે છેક સ્થાનિક સ્તર સુધી યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ, કે જેથી ભ્રષ્ટાચાર ના થાય અને સંસાધનોનો દુરુપયોગ ના થાય. આ સંદર્ભમાં સામાજિક અન્વેષણ અને વપરાશકાર દ્વારા મૂલ્યાંકન એ ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે ઉપયોગી પદ્ધતિ બની શકે છે.

(૫) કામદારો દ્વારા ઉત્પાદક ભૌતિક અસ્કામતોનું સર્જન થાય તે માટે તમામ પ્રયાસો કરવા જોઈએ, પણ સામાજિક અસ્કામતોનું સર્જન, ગ્રામીણ કામદારોની અધિકારિતા અને આત્મ ગૌરવ જેવા રોજગાર બાંયધરીના અન્ય લાભોને તદ્દન અવગણવા જોઈએ નહિ. એટલે ભૌતિક અસ્કામતો જ કંઈ ગ્રામીણ કામો માટે એકમાત્ર માપદંડ ના બનવો જોઈએ. અંતે, અસ્કામતોનો નિભાવ પણ અસ્કામતોના સર્જનનો અંતર્ગત ભાગ બનવો જોઈએ.

(૬) સંસદ ભલે કાયદો કરે પણ તેનો અમલ શક્ય હોય તેટલા વધુ પ્રમાણમાં રાજ્ય સરકારો સાથે વિચાર-વિમર્શ દ્વારા થવો જોઈએ. તેનાથી સ્થાનિક માગણીઓ અને શ્રમ બજારની ભૌગોલિક અને પ્રાદેશિક જરૂરિયાતોની કાળજી લેવાશે. તેનાથી રાજ્ય સરકારોને પણ એમ લાગશે કે આ કાર્યક્રમ તેમનો પોતાનો જ છે.

(૭) રોજગાર બાંયધરીનો અર્થ એ હોવો જોઈએ કે મહત્તમ લોકોને કામ મળે. તેથી સૌથી વધુ તાર્કિક પગલું એ બને કે સમયના એ તબક્કે જે સૌથી વધુ ઉત્પાદક કામ હોય તે જ કામ હાથ ધરવામાં આવે.

(૮) રોજગારીની બાંયધરીની આ વ્યાખ્યા બાંધીએ પછી તેના કાર્યક્રમને સંસાધનોની અછતનું ગ્રહણ નડવું જોઈએ નહિ.

(૯) રોજગારીની ફાળવણી સ્વપસંદગીના આધારે થવી જોઈએ. બીપીએલ કાર્ડ કે બીજું કંઈ પણ તેને માટે લક્ષ્યાંક નક્કી કરનારું સાધન ન બનવું જોઈએ.

(૧૦) કાર્યક્રમ ભલે ૩થી ૫ વર્ષના ગાળામાં તબક્કાવાર અમલમાં આવવાનો હોય પણ તે સમગ્ર દેશને આવરી લેતો હોવો જોઈએ.

સંપર્કઃ pradeep@idsj.org અને sarthi@idsj.org

# રોજગારી બાંયધરી ખરેખર કારગત નીવડશે?

કેન્દ્ર સરકાર રોજગાર બાંયધરી અંગે એક કાયદો લાવવા વિચારે છે. તેણે આ અંગે એક મુસદ્દો પણ તૈયાર કર્યો છે. રોજગાર બાંયધરી વાસ્તવમાં આંશિકપણે કામનો અધિકાર ઊભો કરે છે. પરંતુ સરકારનું આ પગલું ખરેખર ગરીબોની બેકારી અને ગરીબી દૂર કરવામાં કેટલું ઉપયોગી થશે તેને વિશે કેટલાક સંશયો પ્રવર્તે છે. આ અંગે કેટલાક નિષ્ણાતોનાં મંતવ્યો અહીં રજૂ કરવામાં આવ્યાં છે.

## શ્રી રુદ્ર દત્ત

મૂળ પ્રશ્ન એ છે કે આ કાર્યક્રમને માટે નાણાંની મોટા ભાગની વ્યવસ્થા કેન્દ્ર સરકાર કરવાની છે તેથી શું કેન્દ્ર સરકાર તેને માટે જરૂરી નાણાં ઊભાં કરી શકશે ખરી? કેન્દ્ર સરકાર નાણાં વ્યવસ્થા વિશે અંતિમ નિર્ણય લઈ શકી નથી. તેથી તેણે એવો નિર્ણય કર્યો છે કે રાજ્ય સરકારો સાથે વિચાર-વિમર્શ કરવામાં આવે કે તેઓ પોતે આમાં કેટલું યોગદાન આપી શકે છે. કેન્દ્ર સરકાર એ બાબત સંપૂર્ણપણે સમજે છે કે જેમ જેમ આ કાર્યક્રમ ગતિ પકડશે તેમ તેમ લોકતાંત્રિક દબાણ વધતું જશે અને તમામ બેકારો માટે તેની માંગ ઊભી થશે અને તેઓ એ બાબતે પણ દબાણ ઊભું કરશે કે ૧૦૦ દિવસને બદલે સમગ્ર વર્ષ માટે તે કાર્યક્રમ ચલાવવામાં આવે.

રોજગાર બાંયધરી કાનૂનમાં લાંબા ગાળાના પરિપ્રેક્ષ્યનો અભાવ છે. મહારાષ્ટ્રની રોજગાર બાંયધરી યોજના નથી ગરીબી દૂર કરી શકી કે બેકારી પણ દૂર કરી શકી નથી. ગરીબીને ઓછી કરનારી આ યોજનાઓ શરીરમાં લોહી બદલવા જેવી છે અને તેનાથી ગરીબ વર્ગોની સમસ્યા થોડા સમય માટે તો ઓછી થઈ જાય છે પણ બેકારીની મૂળ બીમારી તો તેનાથી દૂર થતી જ નથી. આ યોજના મહારાષ્ટ્ર રોજગાર બાંયધરી યોજનાની જેમ જ કામચલાઉ રાહત આપવાનો વાયદો કરે છે પરંતુ આવશ્યકતા એ વાતની છે કે એવી વ્યવસ્થા કરવામાં આવે કે જેથી અર્થતંત્ર એટલું મજબૂત બને કે જેમાં રોજગારી ઉત્પન્ન કરવાની ક્ષમતા વધે. રોકાણ સ્વયં વધતું જાય તેવી પ્રક્રિયાથી જ આપણે પૂર્ણ રોજગારીનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકીશું અને તેની સાથે સાથે ગરીબી દૂર કરવાનું લક્ષ્ય પણ પ્રાપ્ત થશે.

આ કાર્યક્રમને અકુશળ અને બિન-અસરકારક રાજ્ય સરકારોને કારણે અટકાવી દેવો પણ ના જોઈએ. કેટલાંક રાજ્યોમાં સિદ્ધિ મળે તો બીજાં રાજ્યોને તે પ્રેરણા આપી શકે છે, તેઓ તે માટે મજબૂર બની શકે છે. વળી, જે રાજ્ય સરકારો યોગ્ય રીતે આ કાર્યક્રમનો અમલ ના કરતી હોય તેમને તે માટે મળતાં નાણાંમાં કેન્દ્ર સરકાર કાપ પણ મૂકી શકે છે.

બીજો એક પ્રશ્ન લઘુતમ વેતન અંગેનો છે. દેશભરમાં લઘુતમ વેતન એક જ નથી. રાષ્ટ્રીય સલાહકાર પરિષદે લઘુતમ વેતન ૬૦ રૂ. સૂચવ્યું છે. પણ બાંગ્લાદેશ, દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ કોરિયા જેવા દેશોનો અનુભવ એમ દર્શાવે છે કે જ્યારે આવા રોજગાર સર્જનના કાર્યક્રમોમાં જે વેતન આપવામાં આવે તે બજારમાં મળતા વેતનથી ઓછું હોય તો તે કાર્યક્રમ સફળ થાય છે. વેતન વધારવામાં આવે તો સરકાર પર બોજો વધે છે, પણ તેથી ગરીબોને લાભ થાય જ એવું જરૂરી નથી. ઘણી વાર એવું બને છે કે રોજગાર સર્જનના કાર્યક્રમોમાં વેતન વધતાં સૌથી ગરીબ લોકો તેમાંથી બહાર ફેંકાઈ જાય છે અને ઓછા ગરીબ કે તુલનાત્મક રીતે ધનવાન લોકો તેનો લાભ લઈ જાય છે. નવા કાર્યક્રમમાં આ બાબતની કાળજી લેવાવી જોઈએ.

## શ્રી અમિત ભાદુરી

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ખરડો - ૨૦૦૪ અને માહિતીના અધિકારનો ખરડો - ૨૦૦૪ બંને ડિસેમ્બરની ૨૧મી અને ૨૩મી તારીખે સંસદના શિયાળુ સત્રમાં દાખલ કરવામાં આવ્યા હતા. ભારતમાં ગરીબો માટે આ એક આનંદનો વિષય હતો. પરંતુ રોજગાર બાંયધરી ધારાની એક કરુણતા એ છે કે એ અમલદારશાહીના અંકુશવાળી યોજના છે. તેમાં પંચાયત સ્તરે પ્રયાસ થાય એને માટેનો અવકાશ નથી. ગરીબ પરિવારો પોતે જ એ કાર્યક્રમ માટે પોતાની પસંદગી નહિ કરે, પણ અમલદારોએ નક્કી કરેલાં ધોરણો અનુસાર તેમની પસંદગી કરવામાં આવશે. રાજ્ય સ્તરે રોજગાર બાંયધરીની જે યોજનાઓ શરૂ થાય તેમાં કેન્દ્ર સરકાર જાહેરનામાથી ગમે ત્યારે સુધારો કરી શકે છે. માહિતીની પ્રાપ્તિ કશાય અવરોધ વિના થાય એવું તેમાં નથી. તેમાં તો એમ લખવામાં આવ્યું છે કે યોજનામાં નિર્ધારિત કરવામાં આવેલી ફી આપ્યા બાદ જરૂરી દસ્તાવેજો પ્રાપ્ત કરી શકાય છે. આમ, એમાં પણ ભાવ નક્કી કરાયો છે.

ગરીબોની ખરીદશક્તિમાં વધારો કરવાનું કામ જાહેર કામો દ્વારા થઈ

શકે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા ખાધમાંથી તે કામો થઈ શકે. પ્રારંભિક રીતે આવું થઈ શકે પણ પછી તો વિકેન્દ્રિત ઢબે થવું જોઈએ. ગ્રામીણ સંચાર વ્યવસ્થા, વખારો, શાળાનાં મકાનો, આરોગ્ય કેન્દ્રો, લઘુ સિંચાઈ યોજનાઓ વગેરે જેવી પરિયોજનાઓમાં વિકેન્દ્રિત ઢબે રોજગારી ઊભી થવી જોઈએ.

## શ્રી મિહિર શાહ

સૂચિત ધારામાં ગરીબો પોતે જાતે જ લાભાર્થી બનવાનું નક્કી કરે એમ સૂચવાયું છે. આ એક સારી બાબત છે. તેઓ પોતે જ આ કાર્યક્રમ હેઠળનાં સખત મજૂરીનાં કામ કરવા માટે આગળ આવશે એમ આ સૂચિત ધારો માને છે. પરંતુ આ કાર્યક્રમનો લાભ માત્ર ગરીબીની રેખાની નીચે (બીપીએલ) જીવતાં પરિવારોને જ આપવાનું ઠરાવાયું છે અને એ રીતે જાતે પસંદગી કરવાનો માપદંડ ધોવાઈ જાય છે. વળી, અમુક નિશ્ચિત સમયમાં અમુક નિશ્ચિત કામ પૂરું કરવા માટે જરૂરી લોકો મળવાનું ઘણી ગ્રામ પંચાયતો માટે મુશ્કેલ બની જાય છે. ઉપરાંત, એક પરિવારમાંથી એક વ્યક્તિને રોજગારી આપવાનું અને વધુમાં વધુ ૧૦૦ દિવસની રોજગારી આપવાનું પણ નક્કી કરાયું છે. આથી, ખરેખર તો વધુ નિયંત્રણો આવ્યાં છે એમ કહેવાય.

દેશમાં બીપીએલની યાદી પણ વિશ્વસનીય નથી. તેને પરિણામે સ્થળાંતરિતો અને ઘરવિહોણાઓ આ યોજનાના લાભાર્થી બનવામાંથી બાકાત રહી જાય એવી શક્યતા છે. અનેક નિષ્ણાતો વળી એમ પણ કહે છે કે સરકારના ગરીબીના અંદાજો ઘણા ઓછા છે. એટલે આ કાર્યક્રમમાં માત્ર સત્તાવાર ગરીબોનો સમાવેશ થશે પણ બાકીના ઘણા ગરીબો તેમાંથી બાકાત રહી જશે.

આ યોજનામાં ભ્રષ્ટાચાર ના થાય તે માટે દેખરેખની વ્યવસ્થા એકદમ મજબૂત બને એ જરૂરી છે. સામાજિક અન્વેષણ કરવામાં ગ્રામ સભાની ભૂમિકા અગત્યની છે. પણ ગ્રામ સભાઓ તેમની ઉપર જે બંધારણીય જવાબદારીઓ લાદવામાં આવી છે તે અદા કરી શકે તેમ નથી. તેથી સ્થાનિક લોકોનાં સંગઠનો ગ્રામ સભાને આ બાબતમાં મદદ કરે એ જરૂરી છે. દરેક તાલુકામાં દેખરેખ માટે જે સમિતિ રચવામાં આવે તેણે ગ્રામ સભાને આ બાબતમાં મદદ કરવી જોઈએ. ગ્રામ સભાના કાર્યક્ષેત્ર હેઠળ આ સમિતિ કામ કરે તે જરૂરી છે. રોજગાર સર્જનનો કાર્યક્રમ ઘડવામાં, તેના અમલમાં અને અમલ પછીના મૂલ્યાંકનમાં તાલુકા કક્ષાની આ સમિતિ ગ્રામ સભાને સહાય કરે તે આવશ્યક છે.

વધારે સારી રીતે જાહેર કામો હાથ ધરાય તે જ માત્ર જરૂરી નથી. મહત્ત્વનો મુદ્દો એ છે કે પંચાયતમાં કયાં કામો હાથ ધરવાં તે કેવી રીતે નક્કી થાય છે. પંચાયતની જરૂરિયાતો અને શક્યતાઓનું પ્રતિબિંબ તેમાં પડવું જોઈએ. પંચાયતના દરેક વોર્ડમાંની જરૂરિયાતો તેમાં ધ્યાનમાં લેવાવી જોઈએ. દરેક સ્થાનને અનુકૂળ કામ ગોઠવાય એ જરૂરી છે. રોજગારીની સંભાવનાઓ વધારવા માટે શ્રમગહન કામો ઉપર ધ્યાન આપવું જોઈએ. તમામ પ્રકારના નિર્ણયો ગામની બેઠકોમાં લેવાવા જોઈએ. કેટલીક બેઠકો તો કામના સ્થળે જ યોજવી જોઈએ. આ સમગ્ર પ્રક્રિયા શક્ય તેટલી વધારે પારદર્શી અને જાહેર હોવી જોઈએ.

## સુશ્રી ઇંદિરા હિરવે

(૧) આ કાર્યક્રમનો હેતુ શો છે? તે ગરીબોને પૂરક રોજગારી પૂરી પાડવા માગે છે કે પછી તે ગરીબીની રેખા નીચે જીવનારાને એ રેખાની નજીક લાવવા માટે પૂરતી વેતન આવક આપવા માંગે છે? તે કોઈ રાહત કાર્યક્રમ છે કે પછી પૂર્ણ કક્ષાનો રોજગાર કાર્યક્રમ છે? આ પ્રશ્નના જવાબની અસર એના ઉપર પડે છે કે કેટલા દિવસની રોજગારી પૂરી પાડવી છે, તેમ જ તેમાં વેતન દર કેટલો રહેશે. ખરેખર તો બાંયધરીનો મુખ્ય હેતુ કામનો અધિકાર આપવાનો છે. એ જીવનના અધિકાર સાથે સંબંધિત છે. એટલે કે તેમાં કામ પણ સારું હોવું જોઈએ અને પૂરતી રોજગારી મળવી જોઈએ. એટલે એમાં આ મુદ્દાઓ મહત્ત્વના બને છેઃ
   (૧) રોજગારીના દિવસોની સંખ્યા મર્યાદિત ન હોવી જોઈએ.
   (૨) સમગ્ર વર્ષ દરમ્યાન રોજગારી મળવી જોઈએ.
   (૩) લઘુતમ વેતન તો મળવું જ જોઈએ.
   (૪) કામદારને લઘુતમ સામાજિક રક્ષણ મળવું જોઈએ.

(૨) કામની બાંયધરી પૂરી પાડવી એ આ ધારાનો સૌથી મહત્ત્વનો મુદ્દો છે. બધાં રાજ્યોમાં અને પ્રદેશોમાં તત્કાળ બાંયધરી આપવાની જરૂર નથી. ખાસ કરીને ત્યાં કે જ્યાં ખેતી સમૃદ્ધ છે અને જ્યાં જાહેર કામો માટેની માંગ મોટી હોતી નથી. શરૂઆત પછાત જિલ્લાઓથી કરવી જોઈએ. પછી સતત તેમાં વધારો થવો જોઈએ. રોજગારીના દિવસોની સંખ્યા પણ સતત વધવી જોઈએ.

(૩) ગરીબો માટે સતત રોજગારી ઊભી કરવાનો હેતુ આ કાર્યક્રમનો હોય તો મુખ્ય પ્રવાહના અર્થતંત્રમાં રોજગારીની પૂરતી તકો ઊભી થાય તે બાબતને પ્રોત્સાહન આપવું જોઈએ. સમયસર વેતનની ચુકવણી, સસ્તા અનાજની દુકાનોએ અનાજનો સમયસર પુરવઠો પૂરો પાડવો અને સામાજિક સલામતી પૂરી પાડવી વગેરે બાબતો તેની સાથે સંકળાયેલી છે. તેથી આ કાર્યક્રમ હેઠળ યોગ્ય આયોજન થાય તે જરૂરી છે. અસ્કામતોના ઉપયોગ અને નિભાવનું મહત્ત્વ પણ આ કાર્યક્રમના સંદર્ભમાં

ઘણું છે. તો જ મુખ્ય પ્રવાહના અર્થતંત્રમાં રોજગારી ઊભી થઈ શકે.

(૪) રોજગારી માટેની બાંયધરી આપતા આ કાર્યક્રમનાં આયોજન અને અમલ એ રીતે થવાં જોઈએ કે જેથી રાજ્યની તિજોરી પર એ લાંબા ગાળાનો બોજો ના બને. આ કાર્યક્રમ લાંબો સમય ચાલે તેમ છે. ગરીબો કેટલા છે અને કાર્યક્રમ કેવો ચાલે છે તેના ઉપર જ આ કાર્યક્રમનો આધાર રહે છે. તેથી આવશ્યક બાબત એ છે કે કાર્યક્રમ ચાલે ત્યાં સુધી તેને માટે જરૂરી નાણાં ઉપલબ્ધ બનાવવાં જોઈએ. જો રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર આ કાર્યક્રમને પ્રાથમિકતા આપે તો જરૂરી ભંડોળ ઊભું કરવાનું બહુ મુશ્કેલ નથી.

(૫) કાર્યક્રમના અસરકારક અને કાર્યક્ષમ અમલ માટે સરકારી તંત્રને તાલીમ આપવી જોઈએ અને તેનું ક્ષમતા વર્ધન થવું જોઈએ. કામદારોનાં સંગઠનો અને બિન-સરકારી સંગઠનોનું ક્ષમતા વર્ધન પણ જરૂરી છે.

(૬) ગરીબી નિવારણના કાર્યક્રમના છેલ્લા ત્રણ દાયકાના ભારતના અનુભવો એમ બતાવે છે કે આ પ્રકારના કાર્યક્રમોમાં વિકેન્દ્રીકરણ મહત્ત્વનું છે અને લોકભાગીદારી ઊભી કરનારી સંસ્થાઓ મહત્ત્વની છે. આ કાયદામાં રાજ્ય, જિલ્લો, તાલુકો અને ગામ સ્તરની કેટલીક સંસ્થાઓ જણાવાઈ છે ખરી. આ બધું વિકાસલક્ષી વહીવટી તંત્ર છે અને પંચાયતો છે. પરંતુ આયોજન અને સામાજિક અન્વેષણ જેવાં કાર્યો કરવા માટે આ સંસ્થાઓ પૂરતી સજ્જ નથી. ગ્રામ સભા, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત તેમની ભૂમિકા ભજવી શકે તે જરૂરી છે. આ કાર્યક્રમના અમલ માટે બીજી અનેક સંસ્થાઓની પણ જરૂર પડશે. આ બધી સંસ્થાઓ વિકેન્દ્રિત પદ્ધતિએ કામ કરે તે જરૂરી છે.

(૭) આ પ્રકારનો કાર્યક્રમ મહિલાઓ માટે સાનુકૂળ હોય છે. તેનાં કારણો આ મુજબ છેઃ
(૧) મહિલાઓ સ્વરોજગારીને બદલે વેતન રોજગારી વધારે પસંદ કરે છે. (૨) કામ સ્થાનિક સ્તરે જ મળે છે. (૩) કામ શારીરિક હોય છે અને ઘણી વાર પ્રાકૃતિક સંસાધનો સાથે સંકળાયેલું હોય છે. આથી આ કાર્યક્રમને મહિલાલક્ષી બનાવવો જોઈએ. તે માટે - (૧) મહિલાઓમાં આ કાર્યક્રમ વિશે જાગૃતિ ઊભી કરવા અને તેમના અધિકારો વિશે તેમને શિક્ષણ આપવા પ્રયાસો કરવા જોઈએ. (૨) અસ્કામતોનાં માલિકી અને સંચાલનના અધિકારો મહિલા જૂથોને આપવાં જોઈએ. (૩) પ્રાકૃતિક સંસાધનોનાં સંચાલન અને સંગઠન માટે મહિલાઓને સામેલ કરવી જોઈએ. (૪) પંચાયતો અને વહીવટી તંત્રને મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ બનાવવા તાલીમ આપવી જોઈએ. (૫) મહિલાઓને ઉત્પાદક અસ્કામતોના ઉપયોગમાં સામેલ કરવા વિશેષ કુશળતા વિકાસ તાલીમ કાર્યક્રમો ચલાવવા જોઈએ.

(૮) સમાનતા ઊભી કરવા માટે કાર્યક્રમ હેઠળ ઊભી કરાયેલી અસ્કામતોની માલિકી અને ઉપયોગ અગત્યનાં છે. અસ્કામતોની બાબતમાં પ્રાદેશિક અસમાનતા ઊભી ના થાય તે માટે પણ ધ્યાન રાખવું જોઈએ. આ સંદર્ભમાં આટલા મુદ્દા મહત્ત્વના છેઃ

(અ) આ કાર્યક્રમ હેઠળ જે અસ્કામતો ઊભી થાય તે તમામ કામદારોની માલિકીની હોવી જોઈએ. (આ) તમામ પરિવારો વચ્ચે લાભોની વહેંચણી સમાન ધોરણે થવી જોઈએ. હંમેશાં આ કાર્યક્રમ હેઠળ માત્ર જાહેર અસ્કામતો ઊભી કરવાનું શક્ય નહિ બને. તેથી ખાનગી લાભો ઊભા થાય તે પણ જરૂરી છે. તેમાં આટલી બાબતોનું ધ્યાન રાખવું જોઈએઃ (ક) જાહેર કામો ના હોય તો જ ખાનગી કામો હાથ ધરવાં. (૨) નાના અને સીમાન્ત ખેડૂતોનો અસ્કામતોનો પાયો વધે તેવાં કામો પર ધ્યાન કેન્દ્રિત કરવું. (૩) ખાનગી અસ્કામત ધરાવનારાને આ કાર્યક્રમ હેઠળ લાભ થાય તો તેમની પાસેથી આંશિકપણે ખર્ચ વસૂલ કરવું.

## શ્રી એ. વૈદ્યનાથન

રોજગાર બાંયધરી ખરડાની એક અગત્યની નબળાઈ એ છે કે તેમાં પંચાયતોની ભૂમિકા ખૂબ જ મર્યાદિત છે. રોજગાર બાંયધરી મોટા ભાગે સ્થાનિક વિકાસ માટેનાં સ્થાનિક કામો સાથે સંકળાયેલી બાબત છે. સ્થાનિક સમુદાયો કામો અંગે નિર્ણય કરવા સુસજ્જ હોય છે. તેઓ સ્થાનિક જરૂરિયાતો અને સંજોગો અનુસાર નિર્ણયો લઈ શકે છે. જો પંચાયતો પર આ યોજના છોડી દેવામાં આવે તો તેઓ વધારે જવાબદારી સાથે આ કાર્યક્રમનો અમલ કરશે. અનુભવ એમ દર્શાવે છે કે જો કામો સરકારી સંસ્થાઓ કરતાં પંચાયતો દ્વારા થાય છે તો એ વધારે સારી રીતે, વધારે ઝડપથી અને સસ્તાં થાય છે. તેથી રોજગારી બાંયધરીનાં કામોમાં પણ તેમને સક્રિય રીતે સામેલ કરવી જોઈએ.

અમલદારો અને રાજકીય નેતાઓનો ભદ્ર વર્ગ એમ માને છે કે સ્થાનિક નેતાઓ પાસે જરૂરી ક્ષમતા આ કાર્યક્રમના અમલ માટે નથી અને તેઓ પણ એટલા જ ભ્રષ્ટાચારથી ખદબદે છે. પણ લોકશાહી રીતે ચૂંટાયેલી પંચાયતો વધારે અસરકારક છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ભ્રષ્ટાચારને ખાળવામાં પણ પંચાયતો વધારે અસરકારક સાબિત થઈ છે.

# વિકલાંગ મહિલાઓ વિશે બે અભ્યાસો

વિકલાંગતા - શારીરિક હોય કે માનસિક હોય - એક વ્યક્તિગત સમસ્યા નથી પણ સામાજિક સમસ્યા છે અને એકંદર વિકાસ સાથે તેને સંબંધ છે. મહિલાઓની સામાજિક બાદબાકી વિકાસની પ્રક્રિયાને એકાંગી બનાવે છે. પણ વિકલાંગ મહિલાઓ તો વધારે છેવાડે ફેંકાઈ ગયેલી હોય છે. તેમની સમસ્યાઓને વિકાસની એકંદર પ્રક્રિયામાં લાવવા માટે તેમની સમજ કેળવાય તે જરૂરી છે. આ ઉદ્દેશથી તાજેતરમાં ઓરિસ્સા અને કર્ણાટકમાં બે અભ્યાસો કરવામાં આવ્યા છે. આ અભ્યાસોનાં તારણો ટૂંકમાં અહીં આપવામાં આવ્યાં છે.

## ૧. ઓરિસ્સાનો અભ્યાસ

ઓરિસ્સામાં લગભગ ૪૦ લાખ વિકલાંગ મહિલાઓ છે. તેમની સ્થિતિ મહદંશે ભયાનક છે. 'એબ્યુઝ એન્ટ એક્ટિવિટી લિમિટેશન'નામે તાજેતરમાં જ એક અભ્યાસ કરવામાં આવ્યો છે. તેમાં ૭૨૯ જેટલી શારીરિક રીતે વિકલાંગ અને માનસિક ક્ષતિ ધરાવતી સ્ત્રીઓને આવરી લેવામાં આવી હતી. આ અભ્યાસ દ્વારા એવા મુદ્દાઓને બહાર લાવવાનો પ્રયાસ કરાયો છે કે જે મોટે ભાગે અદૃશ્ય રહ્યા છે અને તેમના વિશે કશી ચર્ચા મોટે ભાગે કરવામાં આવતી નથી. જે ૭૨૯ પ્રશ્નાવલીઓ ભરવામાં આવી તેમાંથી વિકલાંગ મહિલાઓના શોષણની વિગતો બહાર આવી છે. તેમાંની કેટલીક વિગતો નીચે મુજબ છે:

**પાયાના અધિકારોનો ઈન્કારઃ**

**(૧) અન્નનો અધિકાર**

શારીરિક રીતે વિકલાંગ એવી ૬૪ ટકા અને માનસિક ક્ષતિ ધરાવતી ૫૮.૭ ટકા મહિલાઓ રોજ ત્રણ ભોજન મેળવી શકે છે. માત્ર ૪૦ ટકા માનસિક ક્ષતિ ધરાવતી સ્ત્રીઓને પરિવાર સાથે ભોજન કરવાની તક મળે છે. માત્ર ૨૫ ટકા સ્ત્રીઓ જ રાંધી શકે છે.

**(૨) ઉછેર અને વ્યક્તિગત સંભાળ**

માનસિક ક્ષતિ ધરાવતી ૪૦ ટકા સ્ત્રીઓ જ રોજ સ્નાન કરે છે, ૩૮ ટકા જ વાળ ઓળે છે અને ૪૩ ટકા જ રોજ વસ્ત્રો બદલે છે. માત્ર ૧૯ ટકા સ્ત્રીઓ જ જાજરૂનો ઉપયોગ કરે છે.

**(૩) તબીબી તપાસ**

શારીરિક રીતે વિકલાંગ એવી ૨૭ ટકા અને માનસિક ક્ષતિ ધરાવતી ૩૧ ટકા સ્ત્રીઓ જ તબીબી અને આરોગ્ય સેવાઓ પ્રાપ્ત કરી શકે છે. માનસિક ક્ષતિ ધરાવતી સ્ત્રીઓમાં તબીબી તપાસના સંદર્ભમાં આ ટકાવારી પ્રમાણ થોડુંક વધારે છે.

**(૪) સામાજિક જીવન**

જે સ્ત્રીઓ માનસિક રીતે બીમાર છે તેમને માટે લગભગ સામાજિક બહિષ્કારની સ્થિતિ છે. સામાજિક પ્રસંગોમાં માત્ર ૧૯ ટકા સ્ત્રીઓ જ ભાગીદાર થાય છે અને ૨૬ ટકા સ્ત્રીઓ જ ધાર્મિક પ્રસંગોમાં ભાગીદાર થાય છે. માત્ર ૩૦.૫ ટકા સ્ત્રીઓ જ પરણેલી હતી. મોટા ભાગની વિકલાંગ મહિલાઓ પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે કારણ કે સ્ત્રીઓને મનુષ્ય તરીકેની તેમની ગુણવત્તાને આધારે નહિ, પણ તેમના શારીરિક દેખાવને આધારે સારી-ખોટી ગણવામાં આવે છે. તેમને નિશ્ચિત ધોરણો અનુસારની ગણવામાં આવતી નથી અને તેમની જાતીય વૃત્તિને સ્વીકારવામાં આવતી નથી. પરિવાર, બાળકનો જન્મ અને ઘરેલૂ કામકાજ વગેરેની બાબતમાં પણ તેમને અયોગ્ય સમજવામાં આવે છે. લગ્ન બાદ પણ તેમને સગર્ભાવસ્થા, બાળકનો ઉછેર અને ઘરેલૂ કામકાજની બાબતમાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. શારીરિક રીતે વિકલાંગ એવી ૪૪.૨ ટકા અને માનસિક ક્ષતિ ધરાવતી ૨૧.૬ ટકા સ્ત્રીઓએ જ બાળક ધરાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જો કે, તાજેતરના અભ્યાસો એમ દર્શાવે છે કે જે સ્ત્રીઓનું અડધું અંગ એટલે કે શરીરનો નીચેનો ભાગ લકવાગ્રસ્ત હોય તો પણ તેઓ બાળકને જન્મ આપી શકે છે અને તંદુરસ્ત બાળકનો ઉછેર કરી શકે છે.

**ઘરેલૂ હિંસાઃ**

**(૧) શારીરિક હિંસા**

મોટે ભાગે જ્યારે ઘરેલૂ હિંસા વિશે સીધો પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે સ્ત્રીઓ જવાબ નકારમાં જ આપે છે. જો કે, ૨૨.૬ ટકા સ્ત્રીઓ દ્વારા ઘરમાં તેમને મારવામાં આવે છે એ સ્વીકારવામાં આવ્યું હતું. માનસિક રીતે બીમાર એવી સ્ત્રીઓ માટે આ પ્રમાણ ૪૮.૫ ટકા હતું. પરંતુ જ્યારે તેમને એમ પૂછવામાં આવ્યું કે તેમણે તેમને મરાય તેનો પ્રતિકાર કર્યો હતો કે કેમ ત્યારે એ સ્પષ્ટ થઈ ગયું હતું કે તમામ સ્ત્રીઓને ઘરમાં મારવામાં આવતી હતી. ઘણી વાર પુરુષો ગુસ્સો કાઢવા માટે તેમને બલિનો બકરો બનાવતા હતા. લગભગ ૫૦ ટકાથી વધુ સ્ત્રીઓને તો કશા કારણ વિના જ મારવામાં આવતી હતી.

(૨) પરિવારોમાં, સંસ્થાઓમાં અને સમગ્ર સમાજમાં વિકલાંગ છોકરીઓ અને સ્ત્રીઓ સામે જાતીય હિંસાના કિસ્સા ખૂબ જ હોય છે. ૧૨.૬ ટકા સ્ત્રીઓએ એમ જણાવ્યું હતું કે તેમના ઉપર બળાત્કાર થયો હતો, ૧૫ ટકા સ્ત્રીઓએ એવી કબૂલાત કરી હતી કે તેમની ઓછી-વત્તી જાતીય સતામણી થઈ હતી. માનસિક બીમારી ધરાવતી સ્ત્રીઓમાં આ પ્રમાણ અનુક્રમે ૨૫ ટકા અને ૧૯ ટકા હતું. તેમના સંદર્ભમાં બે કારણો અગત્યનાં છેઃ એક તો, તેમનામાં શરમનો ખ્યાલ બહુ વિકસ્યો હોતો નથી. અને બીજું, પરિવાર તેનો ઉપયોગ ફરજિયાત વંધ્યીકરણ કરાવવા માટે કરે છે. શારીરિક રીતે વિકલાંગોમાં ૨૦ ટકા અને માનસિક રીતે બીમાર સ્ત્રીઓમાં ૨૨ ટકા ઉપર તો પરિવારના સભ્યોએ જ બળાત્કાર કર્યો હતો.

(૩) **ફરજિયાત વંધ્યીકરણ**

ઘણા દેશોમાં વિકલાંગ બાળકોના જન્મને અટકાવવા માટે કાનૂની અને નીતિવિષયક પગલાં ભરવામાં આવ્યાં છે. ઘણી વાર એવું માનવામાં આવે છે કે વિકલાંગ સ્ત્રીઓ વિકલાંગ બાળકોને જન્મ આપે છે. તેથી પરિવાર દ્વારા ફરજિયાત વંધ્યીકરણ કરાવવામાં આવે છે. અભ્યાસમાં એમ જણાયું કે શારીરિક રીતે વિકલાંગ ૬ ટકા અને માનસિક રીતે વિકલાંગ ૮ ટકા સ્ત્રીઓને વંધ્યીકરણનાં ઓપરેશનો કરાવવાની પરિવારના સભ્યો દ્વારા ફરજ પાડવામાં આવી હતી.

## ૨. કર્ણાટકનો અભ્યાસ

કર્ણાટક રાજ્યના પાટનગર બેંગલોરના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં રહેતી વિકલાંગ મહિલાઓ વિશે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. 'એક્શન એઈડ ઈન્ડિયા'ના વિકલાંગતા એકમ 'સબાલા' દ્વારા તે હાથ ધરાયો હતો. આ અભ્યાસનો હેતુ વિકલાંગ મહિલાઓના શરીર, અવગણના, શોષણ અને હિંસા વિશેના અનુભવો વિશે તપાસ કરવાનો હતો. વ્યક્તિગત મુલાકાતો દ્વારા અને જૂથ ચર્ચા દ્વારા મહિતી મેળવવાનો આ અભ્યાસમાં પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાંથી વિકલાંગ મહિલાઓના શારીરિક, સામાજિક અને આર્થિક શોષણ અંગેનાં જે તારણો મળ્યાં છે તે નીચે મુજબ છેઃ

(૧) **વિકલાંગ મહિલાઓ અને શરીર**

વિકલાંગ મહિલાઓ સામાજિક અને સાંસ્કૃતિક રચનાઓ દ્વારા પોતાને અલગ પડેલી જુએ છે. સુંદરતા વિશેના ખ્યાલો દ્વારા તેઓ છેવાડે ફેંકાઈ જાય છે. તેમને સામાન્ય રીતે જાતીય વૃત્તિ ન ધરાવતી અને અનાકર્ષક ગણવામાં આવે છે. સામાન્ય સામાજિક ભાગીદારીમાંથી આ રીતે તેમને બાકાત રાખવામાં આવે છે. માનસિક અને શારીરિક શોષણની નિશાનીઓ અને અપોષણ એ વિકલાંગ મહિલાઓનાં શરીર પર લખાયેલો ભેદભાવ હોય છે.

(૨) **શોષણ અને હિંસા**

ભારતમાં શારીરિક હિંસા એક વિશેષ સમસ્યા છે કારણ કે તે જાહેરમાં આવતાં છોકરી કે તેના પરિવારની પ્રતિષ્ઠા જોખમમાં મુકાય છે. તેને લીધે છોકરીની પોતાની લગ્નની પાત્રતા અને તેનાં સંતાનોની પાત્રતા સામે પણ જોખમ ઊભું થાય છે. ઘણી સ્ત્રીઓ તેમના પતિઓ દ્વારા થતી હિંસાને તેમની સામાન્ય જિંદગીનો ભાગ ગણે છે. જે વર્તનને તેઓ હિંસક ગણે છે તેના વિશે તેઓ વાત કરતી નથી કારણ કે તેને તેઓ જીવનનો સામાન્ય અનુભવ ગણે છે. સ્ત્રી ભ્રૂણ હત્યા અને બાળ મૃત્યુ દરનું ઊંચું પ્રમાણ પણ રૂઢિચુસ્ત સામાજિક વ્યવહારોનું પરિણામ હોય છે.

(૩) **હાંસિયાકરણ**

વિકલાંગ મહિલાઓ ભારતના સમાજમાં છેવાડે ફેંકાઈ ગઈ હોય છે. તેમને એક સમુદાય પણ ગણવામાં આવતો નથી. વિકલાંગ મહિલાઓ માટે કોઈ વિધાયક નમૂનારૂપ ભૂમિકાઓ નથી. ખરેખર તો, તેમનો કોઈ ઈતિહાસ હોતો નથી. જન માધ્યમોમાં મહિલાઓના શરીરને વસ્તુ સમજવામાં આવે છે, જ્યારે હિંદી ફિલ્મોમાં તેમનું વાસ્તવિક વિધાયક ચિત્રણ થતું નથી.

(૪) **લગ્ન અને માતૃત્વ**

મોટે ભાગે સામાજિક રીતે વિકલાંગ મહિલાઓને જાતીય વૃત્તિ ન ધરાવનારી અને માતૃત્વ માટે અયોગ્ય માનવામાં આવે છે. તેને લીધે વિકલાંગ મહિલાઓના મનમાં કડવાશ ઊભી થાય છે અને હતાશા જન્મે છે. તેમની સ્વ-ઓળખને પણ તેનાથી વિપરીત અસર થાય છે. વિકલાંગ મહિલાઓ ઈરાદાપૂર્વકની અવગણના, શાબ્દિક વ્યંગ, શારીરિક હુમલા અને જાતીય સતામણીનો ભોગ બને છે. મોટે ભાગે પુરુષો જ આ પ્રકારનું આચરણ કરતા હોય છે. પણ સાથે સાથે સામાન્ય સ્ત્રીઓ પણ વિકલાંગ સ્ત્રીઓને ગુલામની જેમ રાખતી હોય છે. વિકલાંગ સ્ત્રીઓની માતાઓ અને તેમની સંભાળ રાખનારી સ્ત્રીઓ પણ ઘણી વાર આ રીતે વર્તે છે.

(૫) **શોષણનાં વિવિધ સ્વરૂપો**

સામાન્ય સ્ત્રીઓ માટે ઘણી વાર જે સામાન્ય બાબત હોય છે તે વિકલાંગ સ્ત્રીઓ માટે શોષણ રૂપ બનતી હોય છે. વિકલાંગતાને લીધે જે મર્યાદાઓ ઊભી થાય છે તે જ આ શોષણનું કારણ બનતી હોય છે. વિકલાંગ સ્ત્રીઓને સહાય કરનારાઓ જ ઘણી વાર ઈરાદાપૂર્વક કે પરોક્ષ રીતે તેમનું શોષણ કરતા હોય છે. એટલે વિકલાંગતા અને શોષણ બંને પરસ્પર સંકળાયેલી બાબતો છે, કદાચ અભિન્ન બાબતો છે.

# મહિલાઓનાં અપમૃત્યુમાં ઘટાડો: 'અવાજ'ના પ્રયાસોની સફળતા

ગુજરાતમાં મહિલાઓનાં અપમૃત્યુના કિસ્સામાં ઘટાડો કરવા માટે 'અવાજ' દ્વારા કરાયેલા પ્રયાસોની ઝાંખી આ લેખમાં **સુશ્રી ઈલાબહેન પાઠક** દ્વારા કરાવવામાં આવી છે. રાજ્ય સરકારની સહાયથી ચાલતાં કુટુંબ સલાહ કેન્દ્રોના સલાહકારો અને કાનૂની સહાય કેન્દ્રોના સામાજિક કાર્યકરોને તથા પોલિસને મહિલા સંવેદનશીલતા અંગે અપાયેલી તાલીમથી કેવા ફેરફારો થયા છે અને હવે 'અવાજ' શું કરવા વિચારે છે તે આ લેખમાં જણાવવામાં આવ્યું છે.

## તાલીમ

૧૯૮૩થી 'અવાજ' સ્ત્રીઓના અસ્તિત્વના મહત્ત્વના મુદ્દે કામ કરે છે. ગુજરાતમાં સામાજિક કાર્યકરો મુસીબતમાં ફસાયેલી સ્ત્રીઓના પ્રશ્નો અંગે કામ કરે છે. ગઈ સદીમાં ત્રીજા દાયકાના આરંભથી સલાહ (કાઉન્સેલિંગ) અને આવાસના ક્ષેત્રે આ સંદર્ભે કામ થતું રહ્યું છે. તેઓ પરિવાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા હતા અને પુરુષ વર્ગના આધિપત્ય વિશે વિચારતા નહોતા. તેથી સ્ત્રીઓની સુરક્ષા વિશેના વિકલ્પો તેમણે આપ્યા નહોતા. તેથી અકુદરતી મોતથી મરનારી સ્ત્રીઓની સંખ્યા વધતી જ ગઈ હતી.

ગઈ સદીના ૧૯૮૦ના દાયકાના આરંભમાં જ્યારે 'અવાજ' દ્વારા દરમ્યાનગીરી શરૂ થઈ ત્યારે નારીવાદી વિચારધારા તેની પશ્ચાદ્‌ભૂમાં હતી. ઉપરાંત, ૧૯૮૩માં ભારતીય દંડ સંહિતા (આઈપીસી)માં કલમ-૪૯૮એ ઉમેરવામાં આવી હતી તેથી કાનૂની સુધારા સ્ત્રીઓની તરફેણમાં થાય તે મુદ્દો પણ હતો. મુસીબતમાં ફસાયેલી સ્ત્રીઓને ટેકો આપવા માટે 'અવાજ' દ્વારા સલાહ (કાઉન્સેલિંગ) આપવાની શરૂઆત કરાઈ. તેમાં પરિવાર નહિ, પણ સ્ત્રી કેન્દ્રમાં હતી. સ્ત્રી-તરફી સલાહના ખ્યાલ વિશે લગભગ એક દાયકા સુધી વિવાદ થતો જ રહ્યો. ૧૯૯૫માં રાજ્ય સરકારનાં નાણાંથી બિન-સરકારી સંગઠનો દ્વારા ચાલતાં કુટુંબ સલાહ કેન્દ્રો (એફસીસી)ના ૫૨ સલાહકારો માટે તાલીમ ગોઠવી. તેમને મહિલાકેન્દ્રી કે મહિલા-તરફી સલાહ માટે તાલીમ આપવામાં આવી. તેમ જ તેમને મુસીબતમાં ફસાયેલી મહિલાઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮ એ હેઠળ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે મદદ કરવા તાલીમ આપવામાં આવી. ત્રણ વર્ષ દરમ્યાન વર્ષમાં બે વાર આ તાલીમ યોજવામાં આવી. દરેક સમયે સલાહકારોને મુખ્ય સમસ્યાઓ નડતી હતી: એક તો બિન-સરકારી સંગઠનના વરિષ્ઠ સંચાલકો તેમને મુસીબતમાં ફસાયેલી મહિલાઓને સંપૂર્ણ ટેકો આપવા દેવા માગતા નહોતા. અને બીજું, પોલિસ ફરિયાદ નોંધવાની જ ના પાડતી હતી.

કુટુંબ સલાહ કેન્દ્રોના સલાહકારોની તાલીમની સાથે સાથે 'અવાજ' દ્વારા રાજ્યની સહાયથી બિન-સરકારી સંગઠનો દ્વારા ચલાવાતાં ૯૬ કાનૂની સહાય કેન્દ્રોના સામાજિક કાર્યકરોની તાલીમ પણ હાથ ધરવામાં આવી. તે પણ ત્રણ વર્ષ સુધી દર વર્ષે બે વખત યોજવામાં આવી. આ સામાજિક કાર્યકરો એ જ સમસ્યાઓ જણાવી કે જે સમસ્યાઓ સલાહકારોએ જણાવી હતી.

જે બિન-સરકારી સંગઠનો કુટુંબ સલાહ કેન્દ્રો અને કાનૂની સહાય કેન્દ્રો ચલાવવામાં આવે છે તેમના વરિષ્ઠ સંચાલકો સાથે વાતચીત કરવાનું 'અવાજ' દ્વારા નક્કી કરવામાં આવ્યું. વારંવાર નિમંત્રણો આપવામાં આવ્યાં તેમ છતાં કોઈ પ્રતિભાવ આપવામાં આવ્યો નહિ. જેમનો કોઈ અવાજ બિન-સરકારી સંગઠનમાં નહોતો એવી યુવાન વ્યક્તિઓને જ મોકલવામાં આવતી હતી.

પોલિસને સ્ત્રીઓના પ્રશ્નો વિશે સંવેદનશીલ બનાવવાનું પણ જરૂરી લાગ્યું. ગુજરાતમાં પોલિસ સાથે મહિલાઓના પ્રશ્નો વિશે કાર્યશાળાઓ યોજવાનો 'અવાજ' દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો અને તે માટે પરવાનગી પણ મળી. જાન્યુઆરી-૧૯૯૮થી ૨૦૦૦ના અંત સુધીમાં સમગ્ર ગુજરાતમાં આવી કાર્યશાળાઓ 'અવાજ' દ્વારા યોજવામાં આવી. ખાસ કરીને આ કાર્યશાળાઓમાં પોલિસને એ બાબતે સંવેદનશીલ બનાવવાનો પ્રયાસ કરાયો કે તેઓ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮એ હેઠળ સ્ત્રીઓની ફરિયાદો નોંધે કે જેથી તેઓ અકુદરતી મૃત્યુથી ન મરે.

## પોલિસનો પ્રતિભાવ

મૃત્યુનો આંક વધી રહ્યો હતો. દર વર્ષે વધુ ને વધુ સ્ત્રી બળીને, ઝેરથી કે ઊંડા પાણીમાં ડૂબીને મરી રહી હતી. પરંતુ આ સાથે આપવામાં આવેલો કોઠો એમ જણાવે છે કે પોલિસે પતિ દ્વારા થતી

**કોઠા નં. ૧ : ગુજરાતમાં સ્ત્રીઓનાં અકુદરતી મોત**

| વર્ષ | મોતની સંખ્યા | રોજની સરેરાશ |
|---|---|---|
| ૧૯૮૮ | ૪,૧૧૬ | ૧૧.૨૭ |
| ૧૯૮૯ | ૪,૨૪૫ | ૧૧.૬૫ |
| ૧૯૯૦ | ૩,૯૮૬ | ૧૦.૯૨ |
| ૧૯૯૧ | ૩,૮૬૨ | ૧૦.૫૮ |
| ૧૯૯૨ | ૪,૦૧૬ | ૧૧.૦૦ |
| ૧૯૯૩ | ૪,૫૨૧ | ૧૨.૩૮ |
| ૧૯૯૪ | ૪,૮૩૮ | ૧૩.૨૫ |
| ૧૯૯૫ | ૫,૧૧૨ | ૧૪.૦૦ |
| ૧૯૯૬ | ૫,૧૬૪ | ૧૪.૧૫ |
| ૧૯૯૭ | ૫,૫૨૫ | ૧૫.૧૪ |
| ૧૯૯૮ | ૬,૩૪૯ | ૧૭.૩૯ |
| ૧૯૯૯ | ૬,૧૩૫ | ૧૬.૦૮ |
| ૨૦૦૦ | ૫,૫૮૩ | ૧૫.૦૩ |
| ૨૦૦૧ | ૪,૯૨૪ | ૧૩.૪૯ |
| ૨૦૦૨ | ૪,૬૭૨ | ૧૨.૮૦ |
| ૨૦૦૩ | ૪,૭૪૯ | ૧૩.૦૧ |
| ૨૦૦૪ | ૪,૬૩૧ | ૧૨.૬૮ |

સ્રોતઃ ગુજરાત પોલિસ, પોલિસ ભવન, ગાંધીનગર.

**કોઠા નં.૨ : ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮એ હેઠળ ગુજરાતમાં નોંધાયેલા ગુના**

| વર્ષ | સ્ત્રીઓની ફરિયાદોની સંખ્યા | સ્ત્રીઓની રોજની ફરિયાદો (ટકામાં) |
|---|---|---|
| ૧૯૮૮ | ૪૭૯ | ૧.૩૧ |
| ૧૯૮૯ | ૮૯૯ | ૨.૪૬ |
| ૧૯૯૦ | ૮૨૨ | ૨.૨૫ |
| ૧૯૯૧ | ૧,૦૯૭ | ૩.૦૦ |
| ૧૯૯૨ | ૧,૫૭૬ | ૪.૩૨ |
| ૧૯૯૩ | ૧,૫૪૦ | ૪.૨૨ |
| ૧૯૯૪ | ૧,૫૯૬ | ૪.૩૭ |
| ૧૯૯૫ | ૧,૯૫૦ | ૫.૩૪ |
| ૧૯૯૬ | ૨,૫૪૫ | ૬.૯૭ |
| ૧૯૯૭ | ૨,૪૧૫ | ૬.૬૨ |
| ૧૯૯૮ | ૨,૯૮૯ | ૮.૧૯ |
| ૧૯૯૯ | ૩,૨૭૬ | ૮.૯૭ |
| ૨૦૦૦ | ૩,૫૬૩ | ૯.૭૬ |
| ૨૦૦૧ | ૩,૧૯૧ | ૮.૭૪ |
| ૨૦૦૨ | ૨,૮૬૬ | ૭.૮૫ |
| ૨૦૦૩ | ૩,૧૮૫ | ૮.૭૨ |
| ૨૦૦૪ | ૩,૭૮૧ | ૧૦.૩૫ |

સ્રોતઃ ગુજરાત પોલિસ, પોલિસ ભવન, ગાંધીનગર.

સતામણી અંગેની મહિલાઓની ફરિયાદો નોંધવાની શરૂઆત કરી કે તરત જ અકુદરતી મોતથી મરતી સ્ત્રીઓની સંખ્યામાં ઘટાડો થયો. ૧૯૯૯થી કોઈ વધારો તેમાં નોંધાયો નહિ. ૧૯૯૮માં સરેરાશ રોજનાં ૧૦ મોત નોધાતાં હતાં, પણ ૧૯૯૯થી એ આંકડામાં ઘટાડો થતો ગયો અને ૨૦૦૨થી ૨૦૦૪ દરમ્યાન એ સ્પષ્ટ થઈ ગયું કે હવે તેમાં વધારો થતો નથી અને અકુદરતી મોતથી મરતી સ્ત્રીઓની સંખ્યા ઘણી ઓછી થઈ ગઈ છે. આને આધારે 'અવાજ' એવા તારણ પર આવી કે -

(૧) મહિલાઓનાં અકુદરતી મોતનાં કારણોનું વિશ્લેષણ અને તે રોકવા માટે અપનાવાયેલી પદ્ધતિઓ આવાં મોત ઘટાડવામાં ઉપયોગી અને ફળદાયી સાબિત થયાં.

(૨) મહિલાઓનાં અકુદરતી મોત વિશે પણ ચિંતા કરવાની જરૂર છે. અને તેને માટે વધુ ટેકાત્મક તથા સક્રિય પ્રયાસની જરૂરિયાત છે.

## 'અવાજ' દ્વારા વિચારાયેલાં પગલાં

(૧) એ જ પદ્ધતિઓ હજુ પણ વધારે ઉપયોગી થઈ શકે તેમ છે. તેમાં વધુનો ઉમેરો થઈ શકે. જેમ કે, મરણોત્તર તપાસના અહેવાલો તૈયાર કરનારી તબીબી વ્યક્તિઓને અને મૃત્યુ પામી રહેલી સ્ત્રીઓના મરણોન્મુખ નિવેદનને નોંધતા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ્સને મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ બનાવવા. ઉપરાંત, પોલિસ સ્ટેશન ઓફિસર (પીએસઓ) તરીકે ઓળખાતા નીચલા સ્તરના પોલિસોને પણ મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ બનાવવા કે જેઓ મહિલાઓને પોલિસ મથકમાંથી હાંકી કાઢતા હોય છે.

(૨) કુટુંબ સલાહ કેન્દ્રોના સલાહકારો અને કાનૂની સહાય કેન્દ્રોના સામાજિક કાર્યકરોને ફરી તાલીમ આપવી. કારણ કે તેમાં પગાર ખૂબ ઓછો હોવાથી કાર્યકરો સતત બદલાતા રહેતા હોય છે. તેમાં મોટે ભાગે શિક્ષિત છોકરીઓ આવતી હોય છે અને તેઓ પરણે ત્યાં સુધી નોકરી કરતી હોય છે. જો કે, મુસીબતમાં ફસાયેલી સ્ત્રીઓ તેમની પાસે જ મદદ માગવા જતી હોય છે અને તેથી તેમના દ્વારા જ આ કામને ગતિ આપી શકાય તેમ છે.

(૩) અભ્યાસક્રમમાં મહિલાઓ સંબંધી પ્રશ્નો દાખલ થાય અને પોલિસમાં તમામ સ્તરે ભરતી માટે તેનો અમલ થાય તે માટે હિમાયત કરવી. આ એક નીતિવિષયક પ્રશ્ન છે અને સરકારના ગૃહ ખાતાના અધિકારીઓ તથા સંબંધિત પોલિસ અધિકારીઓ સાથે આ પ્રશ્ને ચર્ચા કરવી.

# પથ્થરના ખાણકામ સામેના ગ્રામજનોના આંદોલનની જીત

ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઓખામંડળ તાલુકાના એક ગામના નાગરિકોએ ખાણકામ સામે અવાજ ઊઠવ્યો અને અંતે તેમની જીત થઈ. પથ્થર ખોદી કાઢવાના અને કાપવાના કામથી ખેતીને અને આરોગ્યને થતી વિપરીત અસર સામે ગ્રામજનોએ આંદોલન કરતાં છેવટે સત્તાવાળાઓને ખાણકામ માટે આપવામાં આવેલો ભાડાપટ્ટો રદ કરવાની ફરજ પડી છે. આ આંદોલન અને સમગ્ર પરિસ્થિતિનો ચિતાર આ લેખમાં **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા આપવામાં આવ્યો છે.

**પ્રસ્તાવના**

ગુજરાતના જામનગર જિલ્લાના ઓખામંડળ તાલુકાનું દરિયાઈ પર્યાવરણ નાજુક છે. પોરબંદરથી દ્વારકા સુધીના લગભગ ૧૦૦ કિ.મી. લાંબા પટ્ટામાં દરિયાકિનારે ખડકોમાંથી પથ્થર ખોદવાનું કામ કરાવાથી પર્યાવરણને અને ખેતીને માટે ભારે મોટો ખતરો ઊભો થયો છે. સરકારની પરવાનગી સાથે અને પરવાનગી વિના ચૂનાના પથ્થરનું જે ખાણકામ કરવામાં આવે છે તેણે દરિયાકિનારે જે કુદરતી દીવાલ ઊભી છે તેને નુકસાન પહોંચાડ્યું છે.

ચૂનાના પથ્થરના ખડકો દરિયાઈ પાણીને જમીનની અંદર ઘૂસતું અટકાવે છે અને તેને લીધે પાણીમાં ખારાશ વધતી કે આવતી રોકાય છે. આમ, ખડકો નાબૂદ થાય તો પીવાનું પાણી ખારું થાય અને ખેતીને પણ નુકસાન પહોંચે. આ વિસ્તારમાં સંખ્યાબંધ ખાણો ગેરકાનૂની છે. જો કે, એનો સ્વીકાર સરકારી અધિકારીઓ કરતા નથી. 'કોસ્ટલ રેગ્યુલેશન ઝોન' (સીઆરઝેડ) અંગેનાં નિયમનો અનુસાર દરિયાકિનારાથી ૫૦૦ મિટર દૂર ખાણ હોવી જોઈએ. પણ ખાણો દરિયાકિનારાથી કેટલી દૂર છે એ મહત્ત્વનું છે તેના કરતાં તો એ વધારે મહત્ત્વનું છે કે એ ઊંચા વિસ્તારમાં છે કે નીચા વિસ્તારમાં.

જો ચૂનાના પથ્થરના ખડકો વધારે ઊંચા વિસ્તારમાં હોય અને ખાણકામ થાય તો તે વિસ્તારની ઊંચાઈ ઘટે છે અને એ રીતે કુદરતી અવરોધ નાશ પામે છે. ભૂસ્તરશાસ્ત્રીઓ એમ જણાવે છે કે 'કોસ્ટલ રેગ્યુલેશન ઝોન'નો હેતુ ખાણકામ માટે દરિયાથી ખાણનું અંતર નક્કી કરવાનો નથી. તેનો હેતુ તો દરિયાઈ પર્યાવરણનું રક્ષણ કરવાનો છે અને એને નુકસાન પહોંચાડતી કોઈ પણ પ્રવૃત્તિ થવા દેવી જોઈએ નહિ.

જે લાઈમ સ્ટોન આ વિસ્તારમાં મળી આવે છે તે પોતાની અંદર મીઠા પાણીનો સંગ્રહ કરનારો છે. ખાણકામ કરીને એ ખોદી કાઢવામાં આવે તો દરિયાનું પાણી અંદર ધસી જાય. આ પણ એક મહત્ત્વનું કારણ છે કે સોમનાથથી દ્વારકા સુધીના સમગ્ર પટ્ટામાં પીવાના પાણીની ગુણવત્તા નીચે ગઈ છે. મોટા ભાગે આ વિસ્તારોમાં પીવાનું પાણી ખારા સ્વાદવાળું જ હોય છે. દ્વારકા અને ઓખા વિસ્તારનાં ઘણા ગામોમાં દરિયો અંદર ઘૂસ્યો છે તેનું કારણ એ જ છે. લગભગ ૨૫ કિ.મી. લાંબા પટ્ટામાં ૬૦૦ ફૂટ જેટલો દરિયો જમીનમાં ઘૂસ્યો છે. જામનગર જિલ્લાના ઓખામંડળ તાલુકાના દરિયાકિનારાના બરડિયા ગામના લોકોએ પોતાની તાકાતનો પરચો આપ્યો છે અને સરકાર દ્વારા ચૂનાનો પથ્થર મશિનથી કાપવા માટે જે ભાડાપટ્ટો



અપાયો હતો એ ભાડાપટ્ટો રદ કરવાની સરકારને ફરજ પડી છે. લોકોના આંદોલનને લીધે સરકારને વારંવાર પોતાના નિર્ણયો બદલવા પડ્યા છે તેથી હવે સરકારે આવા નિર્ણયો લેતાં અગાઉ અનેક વાર વિચાર કરવો જોઈએ.

## જમીનનો ભાડાપટ્ટો આપવાની અને રદ કરવાની કાર્યવાહી

જામનગરની કલેક્ટર કચેરીની ખનિજ શાખા દ્વારા બરડિયાના નિવાસી શ્રી વીરાભાઈ હમીરભાઈ નાગેશને પાંચ વર્ષ માટે ક્વોરી ભાડાપટે આપવામાં આવી હતી. પછી આ જમીનની માપણી થઈ હતી અને સર્વે નં.૯૬/૧ અને સર્વે નં.૯૬/૨ની જમીન આપવા માટે તા.૨૮.૮.૧૯૯૭નો હુકમ કરાયો. ત્યાર બાદ તા.૨૦-૯-૨૦૦૪ના રોજ નિયત નમૂના 'ઘ' મુજબ એક કરાર કરવામાં આવ્યો.

આ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન બરડિયાના ગ્રામજનોએ લીઝનો વિરોધ કર્યો હતો કારણ કે તેનાથી ગામના પર્યાવરણને હાનિ પહોંચી હતી. બરડિયાની ગ્રામ પંચાયત અને ખેડૂતોએ પણ આ વિરોધમાં સૂર પુરાવ્યો હતો. માત્ર ખેતીની જમીનને જ નહિ, પણ આરોગ્યને પણ નુકસાન પહોંચે તેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. જામનગરના સાંસદે પણ આ વિરોધ અંગે સક્ષમ સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરી હતી.

લોકોના વિરોધ અને વિવિધ રજૂઆતોને ધ્યાનમાં લઈને કલેક્ટર કચેરીની ખનિજ શાખાએ તા.૧-૬-૦૫ના રોજ શ્રી વીરાભાઈ હમીરભાઈ નાગેશ સામે એક કારણદર્શક નોટિસ કાઢી હતી. આ કારણદર્શક નોટિસમાં જણાવવામાં આવ્યું હતું કે લીઝ વિસ્તારમાં ખાણકામ કરતી વખતે પથ્થરની ભૂકી ના ઊડે તે પ્રમાણે કામગીરી કરવાની શરતે દ્વારકાના મામલતદાર દ્વારા લીઝ વિસ્તારનો કબજો તા.૬-૩-૨૦૦૫ના રોજ સોંપવામાં આવ્યો હતો. પરંતુ જામનગર ખાતેના ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓએ સ્થળ તપાસ કરી ત્યારે તેમને તેમાં નીચેની ક્ષતિઓ જોવા મળી હતીઃ

(૧) ખાણમાં પ્રદૂષણ નિયંત્રણ માટે કોઈ પગલાં લેવાયાં નથી.
(૨) ખાણમાંથી ખાણકામ દરમ્યાન ધૂળની રજકણો ઊડે છે અને તે રજકણો આજુબાજુના રહેણાક મકાનનાં છાપરાં ઉપર તેમ જ આજુબાજુનાં ઝાડ-ઝાંખરાં ઉપર ચોંટે છે.
(૩) ખેતીની જમીન પરના પાકને આ ધૂળની રજકણોથી નુકસાન થાય છે.
(૪) આજુબાજુના રહીશોના આરોગ્ય માટે ખતરો ઊભો થવા સંભવ છે.
(૫) નિયમ અનુસાર મશિનથી ચાલતી ખાણોએ ગુજરાત પ્રદૂષણ બોર્ડ પાસેથી જરૂરી મંજૂરી મેળવવાની હોય છે પણ તે મંજૂરી મેળવાઈ નથી.

ઉપરોક્ત બાબતો જણાવીને આ કારણદર્શક નોટિસમાં એમ જણાવાયું હતું કે ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૬૬ના કરારખત ભાગ-૭ની કલમ-૧૩નો તેમ જ પર્યાવરણ અંગેની શરતોનો ભંગ કરાયો છે. આથી લીઝ શા માટે રદ ન કરવી એવો સવાલ પૂછીને શ્રી વીરાભાઈ હમીરભાઈ નાગેશને તા.૮-૬-૨૦૦૫ના રોજ કલેક્ટર કચેરીએ રૂબરૂ રજૂઆત માટે બોલાવવામાં આવ્યા હતા. પરંતુ તેઓ પોતે એ તારીખે હાજર થયા નહોતા. તેમના ભાઈ શ્રી ધનાભાઈ હમીરભાઈએ એવી અરજી કરી કે તેઓ બીમાર છે. તેથી તેમણે મુદત માગી, પણ બીમારી અંગેનો કોઈ પુરાવો પણ રજૂ કર્યો નહિ.

આને પરિણામે કલેક્ટર કચેરીની ખનિજ શાખાએ તા. ૧૩-૬-૨૦૦૫ના રોજ હુકમ કરીને તાત્કાલિક અસરથી જમીનનો ભાડાપટો રદ કર્યો. આ હુકમમાં જે બાબતો નોંધવામાં આવી હતી તે આ મુજબ હતીઃ

(૧) ખાણનો ભાડાપટો મેળવનાર દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી પથ્થરની આ ખાણમાં ખાણકામ કરવા માટે કોઈ ના-વાંધા પ્રમાણપત્ર મેળવવામાં આવ્યું નહોતું, કે બોર્ડની સંમતિ મેળવવામાં આવી નહોતી.
(૨) હવામાં પ્રદૂષણ ન ફેલાય તે માટે કોઈ પણ પ્રકારનાં સાધનો બેસાડવામાં આવ્યાં નહોતાં. ઉપરાંત, ખાણકામ સમયે પાણીનો છંટકાવ પણ કરવામાં આવતો નહોતો.
(૩) પથ્થર ખોદી કાઢવાના અને પથ્થર કાપવાના કામને લીધે ઊડતી ધૂળની રજકણોથી પાકને નુકસાન થાય છે.
(૪) કરારખતના ભાગ-૭ની કલમ-૧૩ મુજબ ભાડાપટો રાખનારે પથ્થરના ખોદકામને લગતા અને પટો રાખનારા નોકરો અથવા લોકોની સલામતી, આરોગ્ય અને સગવડતાને સ્પર્શતી બાબતોને લગતા કાયદાઓની જોગવાઈઓનું પાલન કરવા માટે ભાડાપટ્ટો લેનાર બંધાયેલ છે. પણ તેવી જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું નથી.
(૫) જમીનનો કબજો સોંપતી વખતે પથ્થર કાઢીને તેને કાપવાની કામગીરી વખતે પથ્થરની ભૂકી ના ઊડે તે પ્રમાણે કામગીરી કરવાની શરત મૂકવામાં આવી હતી. પરંતુ તે રીતે પટેદાર વર્ત્યા નથી અને લોકોના આરોગ્યને તથા ખેતીના પાકને નુકસાન થાય એ રીતે પથ્થરને કાપવાની કામગીરી કરવામાં આવી છે.

## ગ્રામજનોનું આંદોલન

ઓખામંડળ તાલુકાનું બરડિયા ગામ દ્વારકાથી આઠ કિ.મી. દૂર જામનગર ધોરી માર્ગ ઉપર આવેલું છે. તેમાં આશરે ૨,૫૦૦ની વસ્તી છે. ગામમાં મોટે ભાગે વાઘેર, હરિજન, રબારી, બાવાજી અને દેવીપૂજક જ્ઞાતિઓના લોકો અને સિંધી મુસ્લિમો વસે છે. ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, છૂટક મજૂરી અને ગજિયા પથ્થર કાપવાનો છે. વર્ષોથી લોકો હાથના ઓજારથી પથ્થર કાપી પોતાનું પેટિયું રળતા રહ્યા હતા. ગામમાં પથ્થર કાપવાની જે કામગીરી થઈ તેનાથી ઘણી સમસ્યાઓ ઊભી થઈ.

પથ્થરની ખાણની નજીક રહેતા ખેડૂત શ્રી સમિયાભા જીવણભા પાસેથી તો આ ખાણથી તેમને કોઈ નુકસાન થતું નથી એવા પ્રકારની સહી છેતરપિંડીથી લેવામાં આવી હતી. તેમને કહેવામાં આવ્યું હતું કે "ભાડાપટો રદ થયો છે માટે તમારે સહી કરવી જોઈએ." પથ્થરની ખાણની નજીક લગભાગ ૨૦૦ જેટલા દલિત ખેડૂતોની જમીનો આવેલી છે. દેવુભા જીવણભા નામના એક ખેડૂતે કહ્યું હતું કે, "અમે રજૂઆત કરીએ ત્યારે ફક્ત ૧૫-૨૦ દિવસ ખાણકામ બંધ રહે અને મશિન બંધ રહે. પણ પછી થોડા દિવસ બાદ ફરીથી કામ શરૂ થઈ જાય. મશિન દ્વારા પથ્થર કાપવામાં આવે છે ત્યારે ખૂબ જ ધૂળ ઊડે છે અને એ ધૂળ ઊભા પાક ઉપર જામી જાય છે."

બીજા એક ખેડૂત મહિલાએ કહ્યું હતું કે, "મારા ખેતરમાંથી વર્ષે ૨૫ હજાર રૂ.ની કાકડી વેચાતી. આ વર્ષે હજી એક પણ રૂપિયો મને મળ્યો નથી. કપાસ પણ ફક્ત ૩૦,૦૦૦ રૂ.નો થયો, જે વર્ષે ૧ લાખ સુધીનો થતો હતો. અમે ખાવા બેસીએ તો ખાવાની થાળીમાંય બે જ મિનિટમાં ધૂળની પરથ જામી જાય છે, અમે શું કરીએ?"

ઓખા અને દ્વારકા વિસ્તારનાં ઘણાં ગામોમાં આ સમસ્યાઓ છે પણ આ જ એક એવું ગામ છે કે જેણે બેફામ રીતે થતા ખાણકામ સામે અવાજ ઉઠાવ્યો અને જીત મેળવી.

ખરેખર તો, ખાણકામ માટેનો ભાડાપટો શ્રી વીરાભાઈ હમીરભાઈ નાગેશના નામે અપાયો હતો. પરંતુ વાસ્તવમાં તેમના ભાઈ શ્રી ધનાભાઈ નાગેશ જ તે કામગીરીમાં રોકાયેલા હતા. તેઓ નાણાકીય રીતે સધ્ધર અને રાજકીય વગ ધરાવનારા હતા. એટલે તેમની સામે અવાજ ઉઠાવતાં પણ લોકો ડરતા હતા. દ્વારકાનું 'ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ' આ ગામમાં એક મહિલા મંડળ ચલાવે છે. આ મહિલા મંડળે ગઈ ૨૧મી માર્ચથી મોટી લડતની શરૂઆત કરી. લડતની આગેવાની મહિલા મંડળનાં આગેવાન પુરીબહેન જીવણભાઈએ લીધી. દરમ્યાન ગામમાં ગ્રામ સભા યોજાવાની જાહેરાત થઈ. પણ ગામમાં બહુ ઓછા લોકોને તેની ખબર હતી. પુરીબહેને રાતોરાત ગામની તમામ બહેનોને ગ્રામ સભાની જાણ કરી.

બીજે દિવસે ખૂબ મોટી સંખ્યામાં બહેનો ગ્રામ સભામાં હાજર રહી. આથી ધનાભાઈએ ગ્રામ સભામાં બહેનોને અને પુરીબહેનને ખૂબ ધમકીઓ આપી. તેમને પછીથી રૂપિયા આપવાની અને મકાન બાંધી આપવાની લાલચો પણ આપવામાં આવી. પણ બહેનો ડગી નહિ. ૨૪મી એપ્રિલે બરડિયાની બહેનો અને ખેડૂતો દ્વારકા ખાતે મામલતદારની કચેરીએ ઉપવાસ ઉપર બેસી ગયાં. ઓખામંડળ તાલુકાના મહિલા સંગઠને પણ આ આંદોલનને ટેકો આપ્યો.

સંગઠનની ઘણી મહિલાઓએ પણ ઉપવાસ દરમ્યાન હાજરી આપી. મામલતદાર અને કલેક્ટરે આંદોલનકારીઓને ઉપવાસ છોડી દેવા ઘણા સમજાવ્યા પણ તેઓ માન્યા નહિ. કલેક્ટર ઉપરાંત ધારાસભ્ય, સંસદસભ્ય અને તાલુકા પંચાયતના પ્રમુખ સમક્ષ પણ આ પ્રશ્ને રજૂઆત કરવામાં આવી. આ ઉપરાંત, આ પ્રશ્નને બહોળી પ્રસિદ્ધિ આપવા માટે તા.૬-૫-૨૦૦૫ના રોજ અમદાવાદ ખાતે એક પત્રકાર પરિષદ યોજવામાં આવી. આ પત્રકાર પરિષદને બરડિયા ગામના આગેવાનો શ્રી પાચાભાઈ જેસાભાઈ અને શ્રી સમેયાભા જીવણભાએ સંબોધી હતી. અનેક હિંદી, ગુજરાતી અને અંગ્રેજી અખબારોએ તેથી આ પ્રશ્નને વિસ્તૃત રીતે રજૂ કર્યો હતો. નોંધપાત્ર બાબત એ હતી કે ભારતીય કિસાન સંઘે પણ આ લડતને ટેકો જાહેર કર્યો હતો. તા. ૬-૬-૨૦૦૫ના રોજ જામનગર ખાતે કલેક્ટરની કચેરી સામે પણ દેખાવો યોજવામાં આવ્યા હતા.

દરમ્યાન, જેમના નામે ભાડાપટો અપાયો હતો એ શ્રી વીરાભાઈએ ખંભાળિયાની નીચલી અદાલતમાં ફરિયાદ કરી હતી. આ ફરિયાદ અંગેનો કેસ ચાલવામાં ખાસ્સો વિલંબ થયો હતો. તા.૧૦-૫-૨૦૦૫થી તા.૨૦-૬-૨૦૦૫ સુધીના સમયગાળામાં તો આ અદાલતમાં પાંચ ન્યાયમૂર્તિ બદલાયા હતા. પણ પછી તા.૨૦-૬-૨૦૦૫ના રોજ અદાલતે એક વચગાળાનો હુકમ કરીને એમ જણાવ્યું કે કોઈ જ પ્રકારના ખાણકામની કે પથ્થર કાઢવાની ખોદકામની પ્રક્રિયા કરવી નહિ કે બીજા દ્વારા કરાવવી નહિ. બરડિયા ગામના ગ્રામજનો આ કેસમાં પાછલા તબક્કે સામેલ થયા હતા.

આમ, બરડિયા ગ્રામજનોની જીત બે રીતે થઈ. એક તો, કલેકટરે લીઝ રદ કરી અને બીજું, અદાલતે વચગાળાનો મનાઈહુકમ આપ્યો. બરડિયાના ગ્રામજનોએ વાસ્તવમાં સોમનાથથી દ્વારકા સુધીના દરિયાકિનારાના પ્રશ્નોના ઉકેલ અંગે સ્થાનિક લોકોને નવો જ રાહ ચીંધ્યો છે.

# સાંપ્રત પ્રવાહ

## 'સ્થળાંતરિત આદિવાસી શ્રમજીવીઓની સમસ્યાઓ અને ઉકેલો' વિશે કાર્યશાળા

અમદાવાદના 'બાંધકામ મજદૂર સંગઠન' અને સુરતના 'સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ'ના સંયુક્ત ઉપક્રમે તા.૨૮.૬.૦૫ના રોજ સુરતમાં 'સ્થળાંતરિત આદિવાસી શ્રમજીવીઓની સમસ્યાઓ અને ઉકેલો' વિશે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં આ વિષયો વિશે ચર્ચા કરવામાં આવી હતીઃ (૧) આદિવાસી વિસ્તારોમાં રોજગારી વિષયક અને વિકાસ સંબંધિત પરિસ્થિતિ. (૨) સ્થળાંતરિત આદિવાસી શ્રમજીવીઓની પરિસ્થિતિઃ ક્ષેત્રીય અવલોકનો. (૩) આદિવાસી સ્થળાંતરિત શ્રમજીવીઓને બંધારણીય અને કાનૂની રક્ષણઃ જોગવાઈઓ અને વાસ્તવિકતા. આ કાર્યશાળામાં ૬૫ જેટલા કર્મશીલો, વકીલો અને વિદ્વદ્જનો વગેરે હાજર રહ્યા હતા. આ કાર્યશાળામાં અંતે સર્વાનુમતે જે ભલામણો ગુજરાત રાજ્ય સરકારને કરવાનું નક્કી કરાયું હતું. તેમાંની કેટલીક વિગતો નીચે મુજબ છેઃ

**૧. સ્થળાંતરિત થતા શ્રમિકોની પંચાયત સ્તરે નોંધણી કરવીઃ**

રાજ્યની પૂર્વ પટ્ટીમાંથી થતા સ્થળાંતરનું દસ્તાવેજીકરણ થતું નથી. આથી સ્થળાંતર કયા વિસ્તારમાંથી થાય છે, કયા ઉદ્યોગમાં થાય છે, કેટલી સંખ્યામાં થાય છે અને કેટલા સમય માટે થાય છે તેની નોંધણી દરેક ગ્રામ પંચાયતમાં ફરજિયાતપણે થવી જોઈએ. ગામમાંથી સ્થળાંતર થતાં પહેલાં શ્રમિકે ગ્રામ પંચાયતમાં તેની નોંધણી કરાવીને જવું જોઈએ. ફરજિયાત નોંધણી પ્રથા દાખલ કરવાથી આંકડાશાસ્ત્રીય અને અર્થશાસ્ત્રીય દૃષ્ટિકોણથી તો જરૂર ફાયદો થશે પરંતુ કુદરતી કે માનવસર્જિત આફતોના સંજોગોમાં ભોગ બનતા શ્રમિકોને અનેક પ્રકારની રાહતો મળી શકશે.

**૨. સ્થળાંતરિત શ્રમિક સહાય કેન્દ્ર શરૂ કરવાંઃ**

જે વિસ્તારોમાંથી શ્રમિકો સ્થળાંતર કરે છે તે વિસ્તારોમાં શ્રમિકોની સહાય માટે શ્રમિક સહાય કેન્દ્ર શરૂ કરવાં જોઈએ. આ કેન્દ્રોમાં શ્રમિકોની નોંધણી થાય, પરિચયપત્ર, રોમિંગ રેશન કાર્ડ, બાળકોને રસીકરણ કરાવવા અંગેનું કાર્ડ પણ મળતાં રહેવાં જોઈએ. આ કેન્દ્રમાં વિવિધ શહેરોમાં રોજગારીની સ્થિતિ અંગેની માહિતી મળે. સ્થળાંતરની જગ્યાએ શ્રમિક મુસીબતમાં મુકાયો હોય તો કોનો સંપર્ક કરવો તેની વિગત અને જે પ્રકારનું કામ કરવા જતો હોય તે કામનું ન્યૂનતમ વેતન જાણે. શારીરિક - આર્થિક શોષણના કિસ્સામાં કોની મદદ મેળવી શકાય તે અંગેની અને સંદેશાવ્યવહારની સુવિધા પણ હોવી જોઈએ. આ પ્રકારની વ્યવસ્થાથી શહેરમાં થતી પોલિસની હેરાનગતી ટાળી શકાશે.

**૩. સ્થળાંતરિત શ્રમિકો માટે શહેરોમાં રેનબસેરાઃ**

શહેરમાં કામચલાઉ કે ઋતુગત સ્થળાંતર કરનારા અને પોતાની રીતે રોજગારી મેળવનારા શ્રમિકોને શહેરમાં રહેઠાણનો પ્રશ્ન વિકટ છે. શહેરમાં પશુની હાલતમાં રહેતા શ્રમિકો માટે રાતવાસો કરવા રેનબસેરાની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. આ વ્યવસ્થા શ્રમિકોને આર્થિક રીતે પોસાય તેવા દરે અને તેઓ જ્યાં સુધી કામ કરે ત્યાં સુધી રહી શકે તે પ્રકારની હોવી જોઈએ.

**૪. શહેરોમાં ભાડા-ખરીદ પદ્ધતિથી આવાસ આપવાઃ**

જે શ્રમિકો વર્ષોથી સ્થાયી થયા છે અને માત્ર વારતહેવારે કે ખેતીના કામમાં કામચલાઉ અને વતન પાછા જાય છે તેઓને માટે પાકા આવાસોની વ્યવસ્થા ભાડા-ખરીદ પદ્ધતિથી કરવી જોઈએ.

**૫. પાણીની વ્યવસ્થાઃ**

ખુલ્લાં મેદાનો કે ફૂટપાથ ઉપર પડાવ નાખીને રહેતા કામદારોને પાણી મળતું નથી. પાણીના એક માટલા માટે રઝળપાટ કરવી પડે છે. ક્યારેક તેને કારણે રોજગારી પણ ગુમાવવી પડે છે. રાજ્ય સરકારે સામાજિક સંસ્થાઓની મદદ લઈને શહેરમાં જ્યાં જ્યાં આદિવાસીઓ જૂથમાં પડાવ નાખીને રહેતા હોય ત્યાં ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવું જોઈએ.

**૬. રાહત દરે અનાજ વિતરણની ફરતી 'કલ્પતરુ' દુકાનઃ**

રાજ્ય સરકારે તાજેતરમાં પંચમહાલ-દાહોદ અને વડોદરા જિલ્લામાંથી સ્થળાંતર થતાં આદિવાસી શ્રમિકોને શહેરમાં ઊંચા ભાવે બજારમાંથી અનાજ ખરીદવું ન પડે અને રાહત દરે મળે તે માટે રોમિંગ રેશન કાર્ડની યોજના અમલમાં મૂકી છે તે આવકાર્ય છે. આ યોજનાને કાગળ ઉપર નહિ રાખીને અસરકારક બનાવવી જોઈએ. રાજ્ય સરકારે ચાલુ વર્ષે આ યોજનાના અમલ માટે રૂ. ચાર લાખ ફાળવ્યા છે. તેમાં વધારો કરીને 'કલ્પતરુ' જેવી અનાજ વિતરણની ફરતી દુકાનો દ્વારા શહેરમાં જ્યાં આદિવાસી શ્રમિકોનાં જૂથો રહે છે ત્યાં અનાજ અને અન્ય જરૂરી ચીજવસ્તુઓ

રાહત દરે આપવાનું કામ કરવું જોઈએ.

**૭. બાળકોને શિક્ષણની તકથી વંચિત થતાં અટકાવવાં:**

કુટુંબ સાથે થતા સ્થળાંતરની સૌથી મોટી ખરાબ અસર બાળકોના ભવિષ્ય ઉપર પડી રહી છે. જો પાંચ લાખ શ્રમિકો સાથે ભણવાની ઉંમરનું એક બાળક સાથે આવતું હોય તો દર વર્ષે એટલાં બાળકો શિક્ષણની તકથી વંચિત રહી જાય છે. આદિવાસી વિસ્તારમાં બાળકોને શિક્ષણ પ્રાપ્ત કરવાની અનેક યોજનાઓ અમલમાં છે, શાળાઓ છે, આશ્રમશાળાઓ છે. પરંતુ કામ દરમ્યાન ધાવણાં બાળકોને સાચવવાની સગવડને અભાવે મોટાં બાળકોને સાથે લઈ જવામાં આવતાં હોવાથી આ સમગ્ર વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ અત્યંત નીચું છે. શહેરમાં સાથે આવતાં બાળકો નિરક્ષર ન રહે તે માટે શહેરમાં બાળ સંભાળ કેન્દ્રો, આંગણવાડી, બાલવાડી દ્વારા બાળકોને શિક્ષણ સાથે જોડી શકાય. ઉપરાંત, જે બાળકોએ શાળા છોડી છે તેમને બ્રિજ કાર્ડ આપીને જ્યાં જ્યાં સ્થળાંતર કરે ત્યાં ત્યાં નજીકની શાળામાં પ્રવેશ મેળવી શકે તેવી વ્યવસ્થા દાખલ થવી જોઈએ.

**૮. ફરતા શૌચાલયની વ્યવસ્થા:**

શહેરોમાં સ્થળાંતરિત આદિવાસી શ્રમિકો માટે શૌચાલયની વ્યવસ્થા નથી. શહેરોમાં ફરતાં શૌચાલયોની વ્યવસ્થા થવી જોઈએ. આ વ્યવસ્થાના ઉપયોગ માટે ટોકન કિંમત ચૂકવવાની થાય તો પણ તે પરવડે તેવી હોવી જોઈએ.

**મજૂર કાયદાઓનું ચૂસ્તપણે અમલીકરણ**

૧. સ્થળાંતરિત આદિવાસી કામદારોનું કામ દરમ્યાન શોષણ ન થાય. કામદાર તરીકેના તમામ અધિકારો પ્રાપ્ત થાય તે માટે ખાસ પ્રયત્નો થવા જોઈએ. સ્થળાંતરિત આદિવાસી કામદારો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કામદારોને નીચે મુજબના મજૂર કાયદાઓનું રક્ષણ મળે:

- લઘુ વેતન વધારો - ૧૯૪૮.
- સમાન વેતન ધારો - ૧૯૭૬.
- કોન્ટ્રેક્ટ લેબર એક્ટ - ૧૯૭૦.
- ધ બીલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ એક્ટ - ૧૯૯૬.
- ધ ઈન્ટરસ્ટેટ માયગ્રન્ટ લેબર એક્ટ - ૧૯૭૯.

ઉપરોક્ત કાયદાઓનું જો ચુસ્તપણે પાલન કરાવવામાં આવે તો આદિવાસી કામદારોનું શોષણ બંધ થઈ શકે છે. લઘુતમ વેતન ધારાના ઉલ્લંઘનના કિસ્સાઓમાં મદદનીશ શ્રમ કમિશનરને કેસ ચલાવવાની અને ન્યાયિક ઉકેલ લાવવાની સત્તા મળવી જોઈએ.

૨. ધ બીલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ વેલ્ફેર સેસ એક્ટ - ૧૯૯૬ અન્વયે બાંધકામ ખર્ચના ૧ ટકા દ્વારા એકત્રિત થનાર કલ્યાણ ભંડોળનો મહત્તમ ઉપયોગ સ્થળાંતરિત આદિવાસીઓની સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટે કરવામાં આવે. બાંધકામ ક્ષેત્રમાં ૬૦ ટકાથી પણ વધુ કામદારો આદિવાસીઓ છે તેથી આ ભંડોળના મહત્તમ ઉપયોગ દ્વારા કલ્યાણનું કામ સાધી શકાશે.

૩. મધ્ય પ્રદેશ, રાજસ્થાન રાજ્યમાંથી આવતા આદિવાસી કામદારોને ઈન્ટરસ્ટેટ માયગ્રન્ટ વર્કર્સ એક્ટનો લાભ કાયદામાં રહેલી કેટલીક મૂળભૂત ખામીઓને કારણે મળતો નથી. આ કાયદામાં ઠેકેદાર કામદારોને બીજા ભંડોળના મહત્તમ ઉપયોગ દ્વારા કલ્યાણનું કામ સાધી શકાશે.

૪. કોન્ટ્રાક્ટ લેબર એક્ટ-૧૯૭૦ અને ધ બીલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ એક્ટ-૧૯૯૬માં કામદારોને કામના સ્થળે રહેઠાણ, શૌચાલય, નહાવા-ધોવાની સગવડ, પીવાનું પાણી, કેન્ટિન, ઘોડિયાઘરની સુવિધા આપવાની જોગવાઈ છે. આ પ્રકારની જોગવાઈઓનું ફરજિયાતપણે અમલ કરાવવા માટેનાં પગલાં લેવાં જોઈએ.

૫. એટ્રોસિટી એક્ટ સ્થળાંતરિત આદિવાસી શ્રમિકો ઉપર થતા અત્યાચાર અને શોષણ અટકાવવા માટેનો અત્યંત અસરકારક કાયદો છે. આ કાયદા દ્વારા મળતા રક્ષણની જાણકારી શ્રમિકોને મળવી જોઈએ.

૬. સ્થળાંતરિત શ્રમિકો પોલિસની કનડગતનો વારંવાર ભોગ બને છે. શહેરમાં ઘરફોડ ચોરી થાય કે સુલેહ-શાંતિ જાળવવાના બહાના હેઠળ અટકાયત કરવાની હોય તો શહેરની પોલિસ આદિવાસી કામદારોને જ પહેલું નિશાન બનાવે છે. આ પ્રકારની કનડગત અટકાવવા માટે ઉચ્ચ સ્તરેથી શહેર પોલિસને સૂચના અપાવી જોઈએ.

૭. રાજ્ય સરકારે બાંધકામ સિવાય અન્ય અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા શ્રમિકોની કામની સ્થિતિ સુધારવા, રોજગારીનું નિયમન કરવા તેમ જ સામાજિક સુરક્ષાની જાળ પૂરી પાડવા એક અલાયદો કાયદો બનાવવો જોઈએ. આ પ્રકારનો કાયદો ઘડવા માટે દ્વિતીય રાષ્ટ્રીય મજૂર પંચ દ્વારા ભલામણ કરવામાં આવી છે.

વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ શ્રી વિપુલ પંડ્યા, મહામંત્રી, બાંધકામ મજદૂર સંગઠન, ૧૫, માનસરોવર કોમ્પલેક્સ, રેડ ક્રોસ સોસાયટી હોસ્પિટલની સામે, આશ્રમ રોડ, જૂના વાડજ, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ટેલિફેક્સઃ ૦૭૯-૨૭૫૫૨૭૪૧.

## બિયારણ ખરડો – ૨૦૦૪

કેન્દ્ર સરકારે બિયારણ ખરડો - ૨૦૦૪ રાજ્યસભામાં ૯-૧૨-૨૦૦૪ના રોજ દાખલ કર્યો છે. માર્ચ-૨૦૦૫માં આ ખરડો કૃષિ મંત્રાલય સાથે સંબંધિત સંસદીય સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યો છે. તેના અધ્યક્ષ લોકસભાના સમાજવાદી પક્ષના સભ્ય પ્રો. રામગોપાલ યાદવ છે. લોકસભાના સચિવાલયે ૧૫.૫.૨૦૦૫ના રોજ આ ખરડા અંગે મંતવ્યો માગતી એક જાહેરખબર આપી હતી. તેમાં ૧૫મી જુન-૨૦૦૫ સુધીમાં મંતવ્યો માગવામાં આવ્યાં હતાં.

જો કે, આ સ્થાયી સમિતિ સાથે સંકળાયેલા એક ઉપસચિવે કહ્યું હતું કે આ અંગે જાહેર સુનાવણી નજીકના ભવિષ્યમાં યોજવાનું કોઈ આયોજન નથી. આ જાહેરખબરમાં જે દાવો કરાયો છે તેનાથી તદ્દન વિરુદ્ધ આ ખરડાનો ઉદ્દેશ ખેડૂતોને બિયારણની બચત કરતાં રોકવાનો છે. ગુણવત્તાવાળું બિયારણ મળે તે જરૂરી છે અને તે માટે ખરડો લવાયો છે એવો દાવો કરવામાં આવ્યો છે. પણ ૧૯૬૬નો બિયારણ ધારા અનુસાર બિયારણનાં પરીક્ષણ અને પ્રમાણન થાય છે જ. આ કાયદા હેઠળ જુદાં જુદાં રાજ્યોમાં ૨૦ પ્રયોગશાળાઓ બિયારણના પરીક્ષણ માટે કામ કરે છે અને પ્રમાણન સંસ્થાઓ તરીકે નવ બિયારણ નિગમો કામ કરે છે.

વિશ્વ બેંકના દબાણ હેઠળ ૧૯૮૮માં બિયારણ નીતિ આવી અને તેમાં બિયારણના પુરવઠાની જાહેર ક્ષેત્રની આપણી મજબૂત વ્યવસ્થા તોડવાની શરૂઆત થઈ. તે ૨૦ ટકા બિયારણ પૂરું પાડતી હતી. વૈશ્વિકીકરણ અગાઉ ૮૦ ટકા બિયારણ ખેડૂતોની પોતાની જાતોનું હતું. ખેડૂતો પોતે જ તે બિયારણ બચાવતા હતા, તેમનો વિનિમય કરતા હતા અને તેમનું ઉત્પાદન કરતા હતા. બિયારણનું ઉત્પાદન અને વિનિમય મુક્ત રીતે થતાં હતાં અને આપણી અન્ન સલામતી તેમાંથી ઊભી થતી હતી.

૨૦૦૪ના બિયારણ ખરડાનો હેતુ ખેડૂતોએ બચાવેલા બિયારણનું સ્થાન ખાનગી બિયારણ ઉદ્યોગ લે તેની જોગવાઈ કરવાનો છે. બિયારણ ખરડામાં વારંવાર ‘વસ્તુવિનિમય’ (બાર્ટર) શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે ખેડૂતોનો પારસ્પરિક વિનિમય રોકવા માટેનો હેતુ ધરાવે છે. સમુદાયના સ્તરે ઊંચી ગુણવત્તાવાળું બિયારણ ઉત્પન્ન થાય અને પૂરું પડાય તેવી વ્યવસ્થા હતી જ.

ખરડામાં બિયારણની નોંધણી ફરજિયાત બનાવાઈ છે અને બિયારણ ઈન્સ્પેક્ટર ખેડૂતના ઘરમાં કે ખેતરમાં પ્રવેશી શકે છે અને તપાસ કરી શકે છે એવી જોગવાઈ કરાઈ છે. આ ઇન્સ્પેક્ટર કોઈ પણ ડબાને તોડીને જોઈ શકે અને કોઈ પણ બારણું તોડી મકાનમાં ઘૂસીને તપાસ કરી શકે તેવી જોગવાઈ કરાઈ છે.

આમ, આ ઈન્સ્પેક્ટર બિયારણ માટેની પોલિસની જેમ વર્તશે અને ખેડૂતોને ત્રાસ આપશે. જેઓ જૈવ વૈવિધ્યનું જતન કરે છે અને સ્વાવલંબી ખેતી કરે છે એવા ખેડૂતો પણ આ બિયારણ પોલિસની ઝપટમાં આવી જશે. જો કોઈ ખેડૂત બીજા ખેડૂતને બિયારણ વેચે અને નોંધણી ન હોય એવા બિયારણને વેચે તો તે ખેડૂતને રૂ. ૨૫,૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે. પણ જો કોઈ કંપનીનું બિયારણ નિષ્ફળ જાય કે જમીન-રૂપાંતરિત પાકોથી પાક પ્રદૂષિત થાય તો કંપનીને કોઈ સજા થાય તેવી જોગવાઈ કરવામાં આવી નથી.

દા.ત. બિહારમાં ૨૦૦૩ અને ૨૦૦૪માં મકાઈનો પાક નિષ્ફળ ગયો તો બિહારના ખેડૂતોને લગભગ ૧૦૦૦ કરોડ રૂ.નું નુકસાન થયું હતું. દર વર્ષે બીટી કપાસનો પાક સતત નિષ્ફળ જઈ રહ્યો છે અને ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. પણ તેમ છતાં કંપનીઓને કોઈ દંડ નહિ થાય.

નવા સૂચિત બિયારણ ધારામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે ખેડૂતો માત્ર ગ્રાહક સુરક્ષા ધારા અન્વયે જ વળતરનો દાવો કરી શકે. આમેય આ વિકલ્પ તો ખેડૂતોને પ્રાપ્ય છે જ પણ જે કેન્દ્રીય સત્તામંડળ રચાશે તે ખેડૂતોને પોતાનું બિયારણ ઉગાડતાં રોકશે, પરંતુ જો બિયારણથી ખેડૂતોને નુકસાન થાય તો કોઈ સુરક્ષા ખેડૂતોને પૂરી પાડવામાં આવી નથી.

રાજ્ય સરકારોની ભૂમિકા પણ નવા સૂચિત કાયદામાં મર્યાદિત કરી નાખવામાં આવી છે. ૧૯૬૬ના કાયદા હેઠળ જે કેન્દ્રીય બિયારણ સમિતિ કામ કરે છે તેમાં દરેક રાજ્યના પ્રતિનિધિઓ છે. એમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. હવે એવી જોગવાઈ કરવામાં આવી છે કે માત્ર પાંચ રાજ્યોનું જ પ્રતિનિધિત્વ કેન્દ્રીય બિયારણ સમિતિમાં રહેશે અને આ પ્રતિનિધિઓની નિમણૂક પણ કેન્દ્ર સરકાર જ કરશે.

આમ, ૨૦૦૪ના બિયારણ ધારા પાસે ભારતના ખેડૂતોને આપવા માટે કોઈ વિધાયક બાબત નથી. તેમાં તો ખાનગી બિયારણ ઉદ્યોગનો ઈજારો સ્થપાય તેવી જોગવાઈ કરવામાં આવી છે. વાસ્તવમાં, અવિશ્વસનીય અને અપુનર્પાપ્ય બિયારણે જ દેશના હજારો ખેડૂતોને આત્મહત્યા કરવા તરફ પ્રેર્યા છે. ૧૯૬૬ના બિયારણ ધારા હેઠળ

સારું કામ થયું છે અને બિયારણના પરીક્ષણ અને પ્રમાણન માટેનું કામ એ કાયદા હેઠળ ચાલુ રહેવું જોઈએ.

ખેડૂતોના પાકોની જાતો અને દેશજ કૃષિ-વૈવિધ્યની નોંધણી સ્થાનિક જૈવ વૈવિધ્ય સમિતિ દ્વારા થાય છે. આ સમિતિ સામુદાયિક જૈવ વૈવિધ્ય રજિસ્ટરમાં તેમની નોંધણી કરે જ છે. તેથી પોલિસ જેવી સત્તાઓ ધરાવતા કેન્દ્રીય બિયારણ સત્તામંડળની આપણે જરૂર નથી. જો કોઈના નિયમનની જરૂર હોય તો તે બહુરાષ્ટ્રીય બિયારણ કંપનીઓને છે, ભારતના નાના ખેડૂતોને નહિ. ખેડૂતો વિના તો દેશ અન્નની સ્વાધીનતા અને સલામતી બંને ગુમાવશે.

સંપર્કઃ રિસર્ચ ફાઉન્ડેશન ફોર સાયન્સ, ટેક્નોલોજી એન્ડ ઈકોલોજી/ નવદાન્ય, એ-૬૦, હૌજ ખાસ, નવી દિલ્લી - ૧૧૦૦૧૬. ફોનઃ ૦૧૧-૨૬૫૬૧૮૬૮, ૨૬૯૬૮૦૭૭. ફેક્સઃ ૦૧૧-૨૬૮૫૬૭૯૫, ૨૬૫૬૨૦૯૩. ઈમેલઃ rfste@vsnl.com

## અંજારમાં અન્ન સુરક્ષા અંગે જાહેર સુનાવણી

કચ્છ જિલ્લાના અંજારમાં તા.૧.૭.૨૦૦૫ના રોજ ચંપકનગર જૈનવાડી ખાતે અન્ન સુરક્ષા અધિકાર અભિયાન - ગુજરાતના અન્વયે 'પ્રયાસ' સંસ્થા દ્વારા એક જાહેર સુનાવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાપર, ભચાઉ, અંજાર અને ભુજ તાલુકાના લગભગ ૧૫૦૦ નાગરિકોએ હાજરી આપી હતી અને તેમાં આશરે ૧૦૦૦ તો મહિલાઓ હતી.

'પ્રયાસ' અને 'લોક અધિકાર મંચ'ના ઉપક્રમે યોજાયેલી આ જાહેર સુનાવણીમાં કચ્છ જિલ્લાના નાયબ કલેક્ટર, જિલ્લા પુરવઠા અધિકારી અને અંજાર તાલુકાના મામલતદાર હાજર રહ્યા હતા. ઉપરાંત, 'આનંદી'નાં સુશ્રી સુમિત્રાબહેન અને પ્રો. હેમન્તકુમાર શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમાં ઉપરોક્ત ચારેય તાલુકાનાં બહેનો અને ભાઈઓએ ખાસ કરીને મધ્યાહ્ન ભોજન યોજના અને જાહેર વિતરણ વ્યવસ્થાની ખામીઓ વિશે અને પોતાના અનુભવો વિશે રજૂઆત કરી હતી.

નાગરિકોએ કરેલી રજૂઆતમાં જે કેટલાક મુખ્ય મુદ્દા ઉપસ્થિત થતા હતા તે આ મુજબ છેઃ

(૧) રેશનિંગની દુકાનો અમુક દિવસોએ જ ખૂલે છે અને બધા દિવસો બધા સમયે ખુલ્લી હોતી નથી.
(૨) જુદી જુદી વસ્તુઓ ખરીદવા માટે જુદા જુદા સમયે ધક્કા ખાવા પડે છે.
(૩) બીપીએલ કાર્ડ માટે અરજી કરવામાં આવે છે તેમ છતાં તે કાર્ડ આપવામાં આવતાં નથી.
(૪) જેમને ખરેખર બીપીએલ કાર્ડ અપાવું જોઈએ તેમને તે અપાયું નથી અને જેમને તે ન અપાવું જોઈએ તેમને તે આપવામાં આવ્યું છે.
(૫) સરકાર દ્વારા જે જથ્થો નક્કી કરાયો છે તે જથ્થામાં વસ્તુઓ દુકાનદારો આપતા નથી.
(૬) બીપીએલનાં કાર્ડ ખોટી રીતે એપીએલ કાર્ડ બનાવી દેવાયાં છે.

આ જાહેર સુનાવણી અને સંમેલન 'લોક અધિકાર મંચ' દ્વારા ઉપરોક્ત ચાર તાલુકામાં કરવામાં આવેલા એક વ્યાપક સર્વેક્ષણના સંદર્ભમાં યોજવામાં આવ્યાં હતાં. મધ્યાહ્ન ભોજન યોજના, આંગણવાડી યોજના અને જાહેર વિતરણ વ્યવસ્થાના સંદર્ભમાં આ સર્વેક્ષણ યોજવામાં આવ્યું હતું. આ સર્વેક્ષણનાં જે કેટલાંક અગત્યનાં તારણો છે તે નીચે મુજબ છેઃ

(૧) ૩૦ જેટલી શાળાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા નથી.
(૨) ૭૩માંથી ૬૬ શાળાઓમાં રસોડું નથી.
(૩) ૩૧ શાળાઓમાં માત્ર વઘારેલો ભાત જ પીરસવામાં આવે છે.
(૪) ૩ શાળાઓમાં મધ્યાહ્ન ભોજન પીરસાતું જ નથી.
(૫) ૧૦ શાળાઓમાં થોડાક દિવસો જ ભોજન અપાય છે.
(૬) ૭ ગામોમાં આંગણવાડી કેન્દ્રો બંધ છે.
(૭) ૧૧ ગામોમાં આંગણવાડી કેન્દ્રો થોડાક દિવસો જ ખુલ્લાં હોય છે.
(૮) ૪૦ ગામોમાં આંગણવાડીઓમાં ગોળ-ખાંડ-ચણા આપવામાં આવતાં નથી.
(૯) અંત્યોદય યોજના હેઠળ ૧૯ ટકા પરિવારોને ઓછા ચોખા, ૧૭ ટકા પરિવારોને ઓછા ઘઉં અને ૪ ટકા પરિવારોને ઓછું કેરોસિન પૂરું પાડવામાં આવે છે.
(૧૦) ૭ ટકા બીપીએલ પરિવારોને ઓછા ચોખા, ૩ ટકાને ઓછા ઘઉં અને ૧૨ ટકાને ઓછું કેરોસિન રેશનિંગની દુકાનોએથી મળે છે.
(૧૧) ૫૪ ટકા અંત્યોદય પરિવારોના કાર્ડમાં ચોખા માટે, ૫૨ ટકા પરિવારોના કાર્ડમાં ઘઉં માટે અને ૩ ટકા પરિવારોના કાર્ડમાં કેરોસિન માટે ખોટી એન્ટ્રી મારવામાં આવે છે.
(૧૨) અંજાર તાલુકામાં ૨૨.૧ ટકા અંત્યોદય કાર્ડ ધરાવનારા અને ૬૪.૯ ટકા બી.પી.એલ. કાર્ડધારકોને કાર્ડમાં ખોટી નોંધનો અનુભવ થયેલો છે.

સંપર્કઃ 'પ્રયાસ', ૬૦, મારુતિનગર, યાદવનગરની બાજુમાં, મેઘપર, અંજાર, જિ. કચ્છ - ૩૭૦ ૧૧૦. ગુજરાત.

# સંદર્ભ સાહિત્ય

## ૨૧મી સદીના પડકારો અને ઈસ્લામ

આ પુસ્તક લેખક દ્વારા વખતોવખત ઈસ્લામ વિશે લખાયેલા લેખોનો સંગ્રહ છે. પુસ્તકમાંના લેખો મુખ્યત્વે ઈસ્લામમાં માનનારાઓને આધુનિક યુગમાં સતાવી રહેલી સમસ્યાઓ અને મુશ્કેલીઓ પર આધારિત છે. આ લેખો આધુનિક સમાજની સમસ્યાઓના સંદર્ભમાં લખવામાં આવ્યા છે. લેખક આધુનિક ચિંતન માટે જાણીતા છે. તેઓ પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કે, "કેટલાક જાણીતા ઈસ્લામી ચિંતકોનું માનવું છે કે મુસ્લિમોની દરેક પેઢીને એના અનુભવને આધારે કાનૂન સાથે જોડાયેલા મુદ્દાઓનું ફરીથી અવલોકન કરવાનો અધિકાર છે. જે લોકો મુસ્લિમોની નવી પેઢીને આ અધિકાર નથી આપવા માગતા અને જેઓ શરિયતને અંતિમ અને અપરિવર્તનશીલ માને છે, તેઓ ખરેખર તો મુસલમાનોને પાછળ રાખવા માટે જવાબદાર છે."

આ પુસ્તકમાં ૧૦ પ્રકરણો છેઃ (૧) કુરાનમાં ન્યાયની સમજ અને મુસ્લિમ જગત. (૨) શરિયતનો કાયદોઃ નાગરિક સમાજ અને માનવ અધિકારો. (૩) ધર્મ, બહુત્વવાદ અને આધુનિક સમાજ. (૪) ઈસ્લામમાં જાતીય સમાનતા. (૫) ધર્મ અને અંતરાત્માની સ્વતંત્રતા. (૬) મુસ્લિમ સમાજમાં બૌદ્ધિકો શું યોગદાન આપી શકે? (૭) કુરાનિક નીતિશાસ્ત્રની ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિ. (૮) ઈસ્લામ અને સત્તાનું રાજકારણ. (૯) પ્રાચીન ઈસ્લામી સમાજોમાં હિંસાનાં કારણો-૧. (૧૦) પ્રાચીન ઈસ્લામી સમાજોમાં હિંસાનાં કારણો-૨.

લેખકઃ અસગરઅલી એન્જિનિયર, પ્રથમ આવૃત્તિ-૨૦૦૫. પ્રકાશકઃ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈસ્લામિક સ્ટડીઝ, ૯-બી, પહેલે માળે, હિમાલય એપાર્ટમેન્ટ્સ, છઠ્ઠો માર્ગ, સાન્તાક્રુઝ પૂર્વ, મુંબઈ-૪૦૦૦૫૫. સૂચિત ફાળોઃ રૂ. ૨૫. પૃષ્ઠઃ ૯૦

## વિકાસની કેડીએ

આ પુસ્તિકામાં 'વિકાસ' દ્વારા હાથ ધરાયેલી લોક વિકાસની પ્રક્રિયાનાં છેલ્લાં ૨૭ વર્ષના નિચોડરૂપે પસંદ કરેલી વ્યક્તિઓના જીવનમાં આવેલા પરિવર્તનની ઝલક પીરસવામાં આવી છે. આ પરિવર્તન સામાજિક, રાજકીય અને આર્થિક ત્રણેય પ્રકારનું છે. પુસ્તિકામાં જે વિગતો આપવામાં આવી છે તે એમ દર્શાવે છે કે સ્થાનિક વિકાસની પ્રક્રિયા કેવા પ્રયાસો માગી લે છે.

પુસ્તિકામાં સંસ્થાની અનાજ ધિરાણની પ્રવૃત્તિના ચાર કિસ્સા આપવામાં આવ્યા છે. આ ચારેય કિસ્સામાં જરૂરતમંદ લોકોને અનાજ ધિરાણની પ્રવૃત્તિથી કેવો ટેકો મળે છે અને કેવો ફાયદો થાય છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. એટલે કે એમાં સ્થાનિક મંડળ અગત્યની ભૂમિકા ભજવે છે. વાસ્તવમાં, આ પ્રવૃત્તિએ સ્થાનિક સ્તરે અન્ન સલામતી ઊભી કરવાનો પ્રયાસ કર્યો છે. એ જ રીતે તેમાં આરોગ્ય માટે ધિરાણના બે કિસ્સા આપવામાં આવ્યા છે. સ્થાનિક બચત ધિરાણ મંડળે સારવાર માટે ધિરાણ આપ્યું અને તેથી યોગ્ય સારવાર ગરીબ દર્દીને આપી શકાઈ. એટલું જ નહિ પણ ઊંચા વ્યાજ દરે શાહુકાર પાસેથી લીધેલું ધિરાણ પણ પરત કરવામાં મંડળની ધિરાણની પ્રવૃત્તિએ ભૂમિકા ભજવી. આથી એમ જણાઈ આવે છે કાયમી ધોરણે ઊંચા વ્યાજના દેવામાં ડૂબતા લોકોને આ રીતે એ ચક્કરમાં ફસાતા અટકાવી શકાય છે.

ગૃહનિર્માણ માટે પણ ધિરાણની પ્રવૃત્તિ ચાલવાથી કેવો લાભ ગરીબોને થાય છે તે દર્શાવતા ચાર કિસ્સા આપવામાં આવ્યા છે. એ જ રીતે શિક્ષણ માટે અને જૂનું દેવું ભરપાઈ કરવા માટે પણ બચત મંડળ દ્વારા ધિરાણ આપવામાં આવે છે. વેઠ મજૂરી કહેવાય તેવી ચાકર-પનિહારી પ્રથા ગુજરાતના ભરૂચ જિલ્લામાં પ્રવર્તમાન છે. આ પ્રથા હેઠળ દયનીય સ્થિતિમાં જીવતા લોકોને તેમાંથી છોડાવવાનું કામ 'વિકાસ' સંસ્થા કરે છે. તેના પાંચ કિસ્સા આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. લઘુ ધિરાણની પ્રવૃત્તિથી કેવી રીતે લોકો વેઠ મજૂરીની આ પ્રથામાંથી મુક્ત થાય છે તે જાણવાનું આ કિસ્સામાંથી રસપ્રદ થઈ પડે તેમ છે.

ગીરો મુક્તિના બે કિસ્સા પણ તેમાં આપવામાં આવ્યા છે. આર્થિક પ્રવૃત્તિ કરવા માટે જે ધિરાણ આપવામાં આવે છે તેનાથી લોકો કેવી રીતે પગભર બને છે તે દર્શાવતા બે કિસ્સા છૂટાછેડાથી પત્યા છે અને એક કિસ્સો સમાધાનથી પત્યો છે. વરસાદી પાણીના સંગ્રહ માટે ભૂગર્ભ ટાંકા બાંધવાની પ્રવૃત્તિથી પાણીની અછત કેવી રીતે નિવારી શકાઈ છે તેની ત્રણ કહાણીઓ રજૂ કરવામાં આવી છે. વાગરા, આમોદ અને જંબુસર તાલુકાના આ ત્રણ કિસ્સા એમ બતાવે છે કે સ્થાનિક સ્તરના આ ઓછા ખર્ચાળ પ્રયાસો વધારે ટકાઉ છે. બચત મંડળના ત્રણ હિસાબી કાર્યકરોના દાખલા પણ તેમાં અપાયા છે. તાલીમે તેમના જીવનમાં કેવું પરિવર્તન આણ્યું છે તે તેમણે

દર્શાવ્યું છે. પ્રાપ્તિસ્થાનઃ 'વિકાસ સેન્ટર ફોર ડેવલપમેન્ટ', લાજપતનગર સામે, ઇશિતા ટાવર રોડ, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૧૪.

## ગુજરાત હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ – ૨૦૦૪

આ ગુજરાતનો પ્રથમ માનવ વિકાસ અહેવાલ છે. આર્થિક વૃદ્ધિનો દર અને માનવ વિકાસની ગતિનો દર બંને વચ્ચે નજીકનો સંબંધ રહે તે માટે વ્યાપક સ્તરની યોગ્ય નીતિઓના સંદર્ભમાં અને સુનિશ્ચિત જાહેર નીતિઓના સંદર્ભમાં વિશેષ પ્રયાસોની જરૂર છે. આ ખ્યાલને આધાર ગણીને આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. ભારતમાં મોટા ભાગનાં રાજ્યોમાં માનવ વિકાસ અહેવાલો સરકારમાં કામ કરતા લોકો દ્વારા અથવા તો સરકાર દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ્સના જૂથ દ્વારા લખવામાં આવ્યા છે. જ્યારે આ ગુજરાત માનવ વિકાસ અહેવાલ બે સ્વતંત્ર વિદ્વદ્જનો દ્વારા લખાયો છે, પણ તેને સરકારી અધિકારીઓ તેમ જ પ્રતિષ્ઠિત બિન-સરકારી સંગઠનો અને વિદ્વદ્જનોનો સંપૂર્ણ ટેકો પ્રાપ્ત થયો છે. આ અહેવાલ ગુજરાતમાં નીતિ નિર્ધારકો અને વિકાસ ક્ષેત્રે કામ કરનારા લોકોને ખૂબ જ ઉપયોગી ભાથું પૂરું પાડે છે.

આ અહેવાલમાંનાં પ્રકરણો આ મુજબ છેઃ (૧) માનવ વિકાસની સમજઃ વિભાવના, ઘટકો અને માપન. (૨) ગુજરાતમાં વિકાસની ગતિશીલતા. (૩) સામાજિક ક્ષેત્રો ઉપરનું સરકારી ખર્ચ. (૪) ગુજરાતમાં પર્યાવરણની સ્થિતિ. (૫) આરોગ્ય અને પોષણ. (૬) સાક્ષરતા અને શિક્ષણ. (૭) મહિલા વિકાસ અને અંતર. (૮) માનવ અને મહિલા વિકાસ સ્તર. (૯) રાજ્યમાં વધુ સારા માનવ વિકાસ તરફ. આ અહેવાલમાં સંખ્યાબંધ કોઠાઓ અને પરિશિષ્ટોમાં ગુજરાતના માનવ વિકાસ વિશેની આંકડાકીય વિગતો આપવામાં આવી છે.

માનવ વિકાસ આંકો એમ દર્શાવે છે કે ગુજરાત આર્થિક વૃદ્ધિની બાબતમાં સારી કામગીરી કરી રહ્યું છે પરંતુ તે કેટલાક માનવ વિકાસ આંકોની બાબતમાં પાછળ છે. તેણે આરોગ્ય અને પોષણના ક્ષેત્રે તેની કામગીરી સુધારવાની છે, શિક્ષણ અને સાક્ષરતા તથા રાજ્યમાં છેવાડે ફેંકાઈ ગયેલાં જૂથોના વિકાસના ક્ષેત્રે પણ કામગીરી સુધારવાની છે. આ અહેવાલે કાર્ય માટે પ્રાથમિકતાનાં ક્ષેત્રો દર્શાવ્યાં છે અને વિકાસની પ્રક્રિયામાં સુધારા સૂચવ્યા છે કે જેથી આર્થિક વૃદ્ધિને વધારે કાર્યક્ષમ અને અર્થપૂર્ણ રીતે માનવ વિકાસમાં રૂપાંતરિત કરી શકાય. ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને પ્રદેશોમાં માનવ વિકાસની સ્થિતિ પણ આ અહેવાલોમાં તપાસવામાં આવી છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓ માટે વિવિધ માનવ વિકાસ આંકોની ગણતરી કરવામાં આવી છે. આ આંકો આપણને આગામી વર્ષોમાં આરોગ્ય, પોષણ, સાક્ષરતા અને મહિલા વિકાસ વગેરેની બાબતમાં આપણી પ્રવૃત્તિઓની પ્રાથમિકતા નક્કી કરવામાં ઉપયોગી થવા જોઈએ.

લેખકોઃ ઈંદિરા હિરવે અને ડૉ. દર્શિની મહાદેવિયા. પ્રકાશકઃ મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યુટ, ડ્રાઈવ-ઈન રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨. ફોનઃ ૦૭૯-૨૭૯૧૩૩૪૭, ૨૭૯૧૩૮૯૦. ફેક્સઃ ૨૭૯૧૨૬૧૭. કિંમતઃ રૂ.૬૦૦.

## ગ્રામ સ્વરાજના દીક્ષાર્થીની માર્ગદર્શિકા

આ પુસ્તક પંચાયતી રાજ થકી ગુજરાતમાં ગ્રામ સ્વરાજ ઊભું કરવા માટે છેલ્લા કેટલાક સમયથી ગુજરાત લોક સમિતિ દ્વારા જે આંદોલન ચલાવવામાં આવે છે તેને વૈચારિક બળ પૂરું પાડવા માટે પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ આંદોલનનો હેતુ વિકેન્દ્રિત આર્થિક, રાજકીય અને સામાજિક વ્યવસ્થા ઊભી થાય તે માટેનો છે. આ પુસ્તક આવી વ્યવસ્થા પંચાયતો થકી કઈ રીતે કરવી તે વિશે વિગતવાર સમજૂતી આપે છે. આ પુસ્તકમાં નીચે મુજબનાં પ્રકરણો છેઃ (૧) આપણું બંધારણ. (૨) ગ્રામ સ્વરાજ. (૩) સ્વરાજ એટલે શું? (૪) પ્રાસ્તાવિક. (૫) ગામડાંના દેશમાં ગામડું જ ભુલાયું. (૬) ગ્રામ સભા. (૭) આપણું આંદોલન. (૮) ગ્રામ સભાના સશક્તિકરણ સામેના અવરોધો. (૯) અન્ય રાજ્યોમાં ગ્રામ સભાની સ્થિતિ. (૧૦) ગ્રામ સ્વરાજ અધિકારોનું ઘોષણાપત્ર. (૧૧) ગ્રામ સ્વરાજ શા માટે? (૧૨) પ્રધાનમંત્રી શ્રી અટલબિહારી વાજપેયીનો પત્ર. (૧૩) ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી એમ. વેંકૈયા નાયડુનો પત્ર. (૧૪) કેન્દ્ર સરકારે શું ભલામણ કરી - કેન્દ્ર સરકારનો પત્ર. (૧૫) પંચાયતની સત્તાનું અપહરણ. (૧૬) ગ્રામ સભાનો ઠરાવ કેવી રીતે કરાવશો? (૧૭) ગ્રામ સભાનો ઠરાવ. (૧૮) આ રઘુકુળનાં આપેલાં વચનો નથી, સમજ્યા!

આ પુસ્તક મુખ્યત્વે ગ્રામ સભાને તમામ વહીવટી સત્તાઓ આપીને ગ્રામ સ્વરાજ લાવવાની રીત જણાવે છે. ખાસ કરીને, તેમાં આપવામાં આવેલા ત્રણ પત્રો ગ્રામ સભાને કઈ કઈ સત્તાઓ આપવી જોઈએ તે અંગે કેન્દ્ર સરકાર શું માને છે તેનું બયાન કરે છે. તે એમ દર્શાવે છે કે ગ્રામ સભા શાસન વ્યવસ્થામાં સૌથી નીચેનું અને સૌથી મહત્ત્વનું અંગ બનવી જોઈએ. આ સંદર્ભમાં ગ્રામ સભા, ગ્રામ સ્વરાજ અને દેશનું બંધારણ કેવી રીતે પરસ્પર સંલગ્ન છે તે ખૂબ સુપેરે આ પુસ્તકમાં સમજાવવામાં આવ્યું છે.

લેખકોઃ શ્રી ચુનીભાઈ વૈદ્ય અને શ્રી રમેશ શાહ. પ્રાપ્તિસ્થાનઃ ગુજરાત લોક સમિતિ, લોક સમિતિ કમ્પાઉન્ડ, લાલ દરવાજા, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોનઃ ૨૫૫૧૧૭૬૦. કિંમત રૂ.૧૦.

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:
એપ્રિલ-જુન-૨૦૦૫નો આ ત્રિમાસિક અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે ગુજરાત અભૂતપૂર્વ પૂરમાં સપડાયેલું છે. નવ જિલ્લાઓને ભારે અસર થઈ છે અને તેથી ૮૦૦૦ ગામોમાંથી ૨.૫ લાખ લોકોનું સ્થળાંતર થયું છે. પહેલો વરસાદ ૨૭મી જુને આવ્યો અને એક સપ્તાહ સુધી સતત વરસ્યો. 'ઉન્નતિ'એ સ્થાનિક બિન-સરકારી સંગઠનો, સરકાર અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંકલન સાધવાનું શરૂ કર્યું છે. રાહતનો ટેકો પૂરો પાડવા ઉપરાંત આ સમય છે કે જ્યારે વિકાસના વ્યવહારોનો પ્રશ્ન ઉઠાવવામાં આવે કે જે આ પ્રકારની આપત્તિની પરિસ્થિતિ ઊભી કરે છે.

## ૧. સામાજિક સમાવેશ અને સક્ષમતા

### દલિતોનું સંગઠન અને સમન્વય

રાજસ્થાનમાં બાડમેર અને જોધપુર જિલ્લાઓમાં ૭૫ ગામોમાં દલિતોના અધિકારો અને સંગઠન વિશે 'સ્વાભિમાન યાત્રા' કાઢવામાં આવી હતી. 'દલિત અધિકાર અભિયાન' દ્વારા નીકળેલી ૩૭ દિવસની આ યાત્રાનો આરંભ આંતરરાષ્ટ્રીય મહિલા દિન ૮મી માર્ચે થયો હતો અને તે આંબેડકર દિન ૧૪મી એપ્રિલે પૂરી થઈ હતી. આ યાત્રા દરમ્યાન લગભગ ૨૦,૦૦૦ ગ્રામજનોમાં દલિત અધિકારોના મુદ્દે જાગૃતિ ફેલાવાઈ હતી અને તેમણે આ ઝુંબેશ માટે રૂ. ૨૦,૦૦૦નો ફાળો પણ આપ્યો હતો. 'દલિત અધિકાર અભિયાન' દલિતો ઉપરના અત્યાચારો અને જમીનો ઉપરના દબાણના કિસ્સા નિયમિતરૂપે હાથ ધરે છે. આ ત્રણ માસના ગાળા દરમ્યાન સરકારી યોજનાઓ દ્વારા ૪૮ વીઘા જમીન છૂટી કરાઈ છે અને ૮૦ પરિવારોને લાભ થયો છે. અમદાવાદના 'સફર'નાં સુશ્રી સોફિયા ખાનના સહયોગ સાથે 'દલિત અધિકાર અભિયાન'માં સામેલ શેરગઢના 'જય ભીમ શિક્ષણ સંસ્થાન', બાડમેરના 'લોક કલ્યાણ સંસ્થાન' અને સિંદરીના 'પ્રયાસ સંસ્થાન' માટે મહિલાઓ અંગેની નીતિ તૈયાર કરવામાં આવી.

જળ સુરક્ષા પ્રયાસનો ત્રીજો તબક્કો પૂરો થયો અને બાડમેર જિલ્લાનાં ૯ ગામોમાં વરસાદી જળનો સંગ્રહ કરવા માટેની વ્યવસ્થા ૩૪૨ ઘરોમાં પૂરી કરવામાં આવી. પશ્ચિમ રાજસ્થાનના પાંચ જિલ્લામાં પાકિસ્તાનથી આવેલા નિર્વાસિતોને નાગરિકત્વ આપવા માટે શિબિરોનું આયોજન કરાયું અને સરકારે લગભગ ૧૨,૦૦૦ લોકોને નાગરિકત્વ આપ્યું.

### વિકલાંગતા વિશે નાગરિક પ્રતિભાવ

અનેક પ્રકાશનો પ્રકાશિત કરાયાં અને ખાસ કરીને ગુજરાતમાં વિવિધ હિતધારકોમાં તેમનો પ્રચાર-પ્રસાર કરાયો. વડોદરા જિલ્લા માટે વિકલાંગો માટેની સેવાઓની એક ડિરેક્ટરીનું ૨૭-૫-૨૦૦૫ના રોજ 'યુનાઈટેડ વે ઓફ બરોડા' દ્વારા આયોજિત એક સમારંભમાં વિમોચન કરવામાં આવ્યું.

### ભૂંકપગ્રસ્તોનું પુનર્વસન

ભચાઉમાં બનિયારી ગામે આપત્તિના સામના માટેની સમુદાય-આધારિત તૈયારી માટેની કામગીરી હાથ ધરવામાં આવી. વોંધ ગામમાં છ સ્થળોએ પણ તેમ જ કરાયું. એ જ માળખાને આધારે ભુજપુર, બંધડી, અમરસર, નેર અને લુણવા ગામોએ પણએ કામગીરી હાથ ધરવામાં આવી છે.

૧૭૫ પરિવારોને ગૃહનિર્માણ માટે ટેકો પૂરો પડાયો. તેમને તેનું ઘર બાંધવા માટે સરકારી ધોરણો અનુસાર પ્રથમ હપતો મળ્યો હતો. વધુ ૬૭ ઘરોનું બાંધકામ નિયત ધોરણો અનુસાર પૂરું કરવામાં આવ્યું અને તેથી તેમના માલિકોને બાંધકામ માટેનો બીજો અને ત્રીજો હપતો મળી શકશે.

ભચાઉ તાલુકાનાં ૧૨ ફળિયામાં બે દિવસની ભરતગૂંથણ કૌશલ્ય તાલીમ શિબિરો યોજવામાં આવી હતી. તેમાં ૨૩૪ મહિલાઓએ ભાગ લીધો હતો. સ્વસહાય જૂથોમાં ભરતગૂંથણ કરતી મહિલાઓને સંગઠિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ ત્રણ માસ દરમ્યાન યોજાયેલી આરોગ્ય શિબિરોમાં ૧૨૪ મહિલાઓએ ભાગ લીધો હતો.

## ૨. નાગરિક નેતૃત્વ અને શાસન

### પંચાયતો અને ગ્રામ સભાનું ક્ષમતા વર્ધન

ગુજરાતમાં ગ્રામ સભાની સત્તાઓને પુનઃ સજીવન કરવા માટે સાબરકાંઠાનાં બિન-સરકારી સંગઠનોની એક દિવસની એક બેઠક યોજવામાં આવી. તેઓ પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમના વિસ્તારોમાં આ ઝુંબેશને આગળ ધપાવે તે માટે તેમને તૈયાર કરશે. શાસન વિશે નાગરિક નેતાઓની ક્ષમતા વધે તે માટે ૭થી ૯ એપ્રિલ, ૨૦૦૫ દરમ્યાન સાબરકાંઠા જિલ્લાનાં બિન-સરકારી સંગઠનોના કાર્યકર્તાઓ માટે એક પ્રશિક્ષકો માટે પ્રશિક્ષમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તે પછી જિલ્લાના ચાર તાલુકામાં નાગરિક નેતાઓને વધુ સક્રિય બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સામાજિક ન્યાય સમિતિઓને મજબૂત કરવા માટે અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લામાં નવ નેટવર્ક્સ બનાવવામાં આવ્યાં છે. અમદાવાદ જિલ્લામાં ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓનાં બે નેટવર્ક્સની રચના કરવામાં આવી છે. આ નેટવર્કર્સની માસિક બેઠકો નિયમિતપણે યોજવામાં આવે છે. તેઓ સ્થાનિક પ્રશ્નો હાથ ધરે તે માટે તેમને ટેકો પૂરો પાડવામાં આવે છે. ચૂંટાયેલી મહિલાઓને તાલીમ માટેના મુખ્ય પ્રશિક્ષકો માટેની એક હેન્ડબૂક પંચાયતી રાજ અંગેના 'રાજીવ ગાંધી ફાઉન્ડેશન'ના કાર્ય દળ સાથે તૈયાર કરવામાં આવી છે. ગુજરાતના સંદર્ભમાં આ મોડ્યુલ અપનાવાયું છે અને ૨૪થી ૨૬ મે-૨૦૦૫ દરમ્યાન પ્રાયોગિક તાલીમ કાર્યક્રમ પણ ચલાવવામાં આવ્યો હતો. બીએસએસ, કેર, એમએસએ, વાસ્મો અને જીવીટી સહિતનાં ઘણાં બિન-સરકારી સંગઠનોને તેમને કાર્યકરોને શાસન વિશે અભિમુખ બનાવવા માટે ટેકો પૂરો પડાયો હતો.

રાજસ્થાનમાં ૨૦૦૫ના આરંભે યોજાયેલી પંચાયતોની ચૂંટણી બાદ રાજ્ય સરકારે તમામ ત્રણ સ્તરની પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે ક્ષમતા વર્ધનનો રાજ્ય વ્યાપી પ્રયાસ કર્યો. 'ઉન્નતિ'એ આ પ્રયાસમાં અન્ય ઘણાં બિન-સરકારી સંગઠનો સાથે સહયોગ સાધ્યો. 'ઉન્નતિ'ની ટુકડીએ આઈજીપીઆરએસ દ્વારા ૨૩થી ૩૦ એપ્રિલ દરમ્યાન યોજાયેલા પ્રશિક્ષકોના પ્રશિક્ષણના કાર્યક્રમમાં પણ ભાગ લીધો. તે પછી 'ઉન્નતિ'એ પ્રધાનો અને તાલુકા વિકાસ અધિકારીઓની તથા જિલ્લા પ્રશિક્ષક ટુકડીની તાલીમ જોધપુર જિલ્લામાં સત્તાવાળાના સહયોગ સાથે યોજી. આ ટુકડીએ પછી ૬૧૨ સરપંચો ૨૯૦૩ પંચાયત સભ્યોને તાલીમ આપી. ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓમાં સાક્ષરતા ફેલાવવા ખાસ ઝુંબેશ શરૂ કરાઈ. પ્રાથમિક શિક્ષણ અને ખાસ કરીને છોકરીઓના શિક્ષણ માટેની જરૂરિયાત અંગે એક દિવસનો એક અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો. શાળાઓમાં છોકરીઓ દાખલ થાય તે માટે સમુદાય સ્તરે જાગૃતિ ઊભી કરવાનો પ્રયાસ થયો અને 'મીના' ફિલ્મ દર્શાવાઈ. પંચાયત સંદર્ભ કેન્દ્રો દ્વારા પ્રાથમિક શાળાઓની કામગીરી પર દેખરેખ રખાઈ. તે માટે તાલુકા પંચાયતોનો સહયોગ લેવાયો. સાપ્તાહિક રેડિયો કાર્યક્રમોમાં પણ પ્રાથમિક શિક્ષણ અને શાળાઓમાં છોકરીઓના પ્રવેશ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

### શહેરી સ્થાનિક સંસ્થાઓનું ક્ષમતા વર્ધન

૨૨-૨૩ જુનના રોજ ગુજરાત અને રાજસ્થાનમાંના શાસન ક્ષેત્રના કાર્યક્રમની સમીક્ષા 'પ્રિયા'ના ડૉ. રાજેશ ટંડનના સહયોગથી હાથ ધરાઈ. ગુજરાતમાં ધોળકા, સાણંદ, અંજાર અને ભચાઉ નગરપાલિકાઓમાં પાયાની સેવાઓ અને સરકારી યોજનાઓના અમલ ઉપર દેખરેખ કરવા આવરી લેવાઈ. ધોળકાના નાગરિક નેતાઓ માટે બે દિવસની તાલીમ યોજાઈ. કડી નગરપાલિકા માટે ઘન કચરા સંચાલનની એક પ્રાયોગિક પરિયોજના ઈપીજી અને સીમેગના સહયોગ સાથે તૈયાર કરાઈ છે. ઘન કચરા સંચાલન માટે તેની મુસદ્દારૂપ યોજના તૈયાર કરાઈ છે. ત્યાં જ 'સ્વચ્છતા અભિયાન' લોકોની સહભાગિતા સાથે હાથ ધરવામાં આવ્યું. કર્ણાટક રાજ્યના ઘન કચરા સંચાલનના અનુભવની વાત પણ કરવામાં આવી અને એને આધારે ઘન કચરા સંચાલનની યોજનાઓ માટે એક માળખું તૈયાર કરવામાં આવ્યું. બાવળા અને ખેડબ્રહ્મા નગરપાલિકાઓ માટે પણ એવા જ પ્રયાસો કરવામાં આવ્યા છે. આ નગરોની પ્રવર્તમાન પરિસ્થિતિના અભ્યાસ માટે એક માળખું તૈયાર કરાયું છે. મુખ્યત્વે એ માહિતીમાંથી તકનિકી અને નાણાકીય સમસ્યાઓ બહાર આવી છે. હવે બીજા તબક્કામાં દરેક નગરપાલિકા તેની પોતાની યોજના તૈયાર કરશે. સીમેગ અને 'સાથ'ના સહયોગ સાથે સાબરકાંઠા જિલ્લાની છ નગરપાલિકાઓ માટે પાણી અને સફાઈ વિશે એક કાર્યશાળા યોજવામાં આવી.

છેલ્લા બે માસ દરમ્યાન અમદાવાદ અને વડોદરામાં ગટરો સાફ કરતી વખતે ઘણા સફાઈ કામદારો માર્યા ગયા. તેણે માત્ર તેમની કામની સ્થિતિ વિશે જ નહિ પણ આપણા જીવનનાં ધોરણો પ્રશ્નો ઊભા કર્યા છે. આ પ્રશ્ને ચર્ચા કરવા માટે યોજાયેલી ઘણી બેઠકોમાં અમે ભાગ લીધો હતો.

રાજસ્થાનમાં બિલારા નગરમાં માથે મેલું ઉપાડવાની પ્રથાનો અંત આવે તે માટે દેખરેખના સતત પ્રયાસો થઈ રહ્યા છે. તેનાથી તેમાં ઘટાડો નોંધાયો છે. નગરના વાલ્મિકી સમુદાયની એક બેઠક યોજવામાં આવી અને આ પ્રથાના અંત માટેની પ્રક્રિયાની વાત કરાઈ. ઉપરાંત, સરકારી યોજનાઓનો લાભ નબળા સમુદાયોને મળે તે માટે પણ પ્રયત્નો કરાયા. રિપોર્ટ કાર્ડનાં પરિણામો વિશે અને સેવાઓમાં સુધારા માટે નગરપાલિકા સાથે સંવાદ શરૂ કરાયો છે.

### ‘ચરખા’ની પ્રવૃત્તિઓ

મહિલા અને જમીનની માલિકી તથા આદિવાસી સ્વશાસનના વિષયો સાથે લેખન કૌશલ્યની બે કાર્યશાળાઓ યોજવામાં આવી. ઉપરાંત, વિકાસલક્ષી વિષયો વિશે લેખો લખવાનું, પીવાના પાણીના પ્રશ્ન અંગે કર્મશીલો અને પત્રકારો વચ્ચે સંવાદ યોજવાનું, જામનગર જિલ્લાના દરિયાકિનારાના વિસ્તારોના પ્રશ્નો વિશે અને ગુજરાતના ખેત મજૂરોની સ્થિતિ વિશે પણ એવા જ સંવાદો યોજવાનું કામ થયું. ‘ઉન્નતિ’ દ્વારા પ્રકાશિત ‘પંચાયત જગત’ને અને એકેઆરએસપી દ્વારા પ્રકાશિત ‘ખારાશ સંવાદ’ને સંપાદકીય ટેકો પૂરો પડાયો.

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થા**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૬૭૪૬૧૪૫, ૬૭૩૩૨૯૬ ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

રૂપાંકન: રમેશ પટેલ, ‘ઉન્નતિ’.

મુદ્રણ: કલરમેન ઑફસેટ, સેલર, આગમન, મયુર કૉલોની પાસે, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન નં. ૬૪૩૧૪૦૫

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.